२९८०२
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



४८ग
१६(२)
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्
पुस्तक संख्या...... ४४ग / १८२
पञ्जिका संख्या...... २५४०२

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ब्लाक प्रमाणीकरण १९८४-१९८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીમદ્દક્ષિણામૂર્તિ પ્રકાશન-૯

ઇતિહાસકથાઓ : ૩

ગ્રીસ

ખંડ બીજો

દર્શક

CHECKED 1973
Initial

મુખ્ય વિક્રેતા
ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ
પો. બો. નં. ૯૭૮ : મુંબઈ૧ પો. બો. નં. ૭૩ : અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલી આવૃત્તિ
નવેમ્બર : ૧૯૪૭

પ્રાપ્તિસ્થાનો
ભારતી સાહિત્ય સંઘ લિ. ગ્રામદક્ષિણામૂર્તિ પ્રકાશન
મુંબઇ : અમદાવાદ આંબલા સોનગઢ થઇને

મૂલ્ય :
૦-૧૨-૦

પ્રકાશક
નાનાભાઈ કા. ભટ્ટ
ગ્રામદક્ષિણા મૂર્તિ
આંબલા : સોનગઢ
(B. S. Rly.)

મુદ્રક
ગોવિંદલાલ મોહનલાલ જાની
શ્રી કીશ્ના પ્રિન્ટરી, રતનપોળ
અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બે બોલ

આ ઇતિહાસકથાઓની ઉત્પત્તિ લોકશાળાના ઉપલા વર્ગો પાસે ઇતિહાસ રજૂ કરવાના પ્રયાસમાંથી થઈ છે. કહેતી વખતે જે વસ્તુ લક્ષમાં રાખેલી તે જ લખતી વખતે પણ નજર સામે રાખી છે કે ઇતિહાસે પ્રેરણા ને પ્રકાશ બન્ને આપવાં જોઈએ પ્રકાશહીન પ્રેરણા જાનફેસાનીનો આવેગ આપે છે. પણ એમાંથી ધ્યેયસિદ્ધ થતી નથી. ને છેવટ વિષાદ આવે છે. તેમજ એકલો પ્રકાશ મળે ને કાર્યની પ્રેરણા ઊભી ન થાય, રગેરગમાં ગરમી આવે તેવું ન થાય તો તે પણ અપૂરતું છે. વર્ગમાં વિદ્યાર્થીઓની વય–મર્યાદાનો ખ્યાલ રાખીને જેટલું મૂકી શકાય તેટલું મૂકેલું. અહીં પણ તેને જ અનુસર્યો છું.

આવી ફ્રાંસ, અમેરિકા–ઇંગ્લંડ–ભારતવર્ષ ને અન્ય દેશોની ઇતિહાસકથાઓ પાછળ ચાલી આવે છે. એક સંકોચ પ્રકાશન કરતી વખતે રહે છે; ને તે એ કે શરૂઆત આપણા જ દેશથી શા સારુ ન કરવી ? વાચકને એટલું કહું કે એની સામગ્રી એકઠી કરી જ રહ્યો છું–અલબત્ત એ સરલ ને સુલભ નથી; છતાં યે મરાઠા ને શીખયુગની ઇતિહાસકથાઓ વહેલી તકે આપવાની ધારણા છે.

ગ્રામદક્ષિણામૂર્તિ
આંબલા

દર્શક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમ

વાર્તા ૧ લી–આંતરવિગ્રહની આગ	૧
,, ૨ જી પ્લેટિયાનો ઘેરો	૧૧
,, ૩ જી એથેન્સ પ્લેગની આગમાં	૧૬
,, ૪ થી પ્લેટિયાનો સર્વનાશ	૨૬
,, ૫ મી બે સ્વપ્નશિલ્પીઓ	૩૪
,, ૬ ઠ્ઠી છેલ્લો સ્પાર્ટન	૫૦
,, ૭ મી છેવટ	૫૯

'પ્લેટિયાનો સર્વનાશ' ત્યાંથી વાર્તા ૩ જી ને બદલે ૪ થી ગણી પછીની વાર્તાઓના ક્રમમાં સુધારીને વાંચવુ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

આંતરવિગ્રહની આગ

ગ્રીસનું સત્યાનાશ વાળવા સત્તાવીશ વર્ષ ચાલનારા આ આંતરવિગ્રહની શરૂઆત ગ્રીસના છેક છેવાડાના એક ખૂણામાંથી થઈ.

કોરીન્થ એ ગ્રીસનું નામીચું શહેર હતું. કેટલાક કોરીન્થવાસીઓએ ઈજીયન સમુદ્રમાં કોરક્રીપરનું સંસ્થાન વસાવ્યું હતું. ગ્રીસમાં સામાન્ય રીત એવી હતી કે સંસ્થાન જે શહેરે વસાવ્યું હોય તેની નીચે ગણાય. પણ કોરક્રીપા જતે દહાડે ને વ્યાપાર તથા નૌકા કાફલામાં કોરીન્થને પણ ભૂલાવી દે તેવું આબાદ થયું, ને આ આબાદીના અભિમાનમાં એ કોરીન્થનો પોતાની માતા તરીકે જે માન–મરતબો સાચવવો જોઈએ તે પણ ચૂકતું ગયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જતે દહાડે કોરક્રીપાના કેટલાકે ઈટાલીના પૂર્વ કિનારા પર એક બીજું સંસ્થાન વસાવ્યું. આ સંસ્થાનની પ્રજામાં કાંઈક તકરાર થતાં એક પક્ષે કોરક્રીપાને પોતાની માતા ગણીને મદદ માગી પણ એ ન મળી. એટલે એમણે પોતાની નજર સહેજે કોરીન્થ તરફ દોડાવી. કોરીન્થના લોકો કોરક્રીપાની આબાદી ને અભિમાન જોઈ ને આવો કાંઈક લાગ ખોળતા જ હતા. એમણે લશ્કર મોકલીને એ સંસ્થાનનો કબજો લીધો. કોરક્રીપાના ગુસ્સાનો પાર ન રહ્યો. કારણ કે આખા ગ્રીસમાં એથેન્સથી બીજા નંબરનો નૌકાકાફલો એની પાસે હતો. કોરીન્થ એટલું એને પહોંચી શકે તેમ નહતું. પણ એ કદાચ એથેન્સની કે સ્પાર્ટાની મદદ માગે તો ? એટલે અગાઉથી જ સાથી શોધવો સારો એમ ધારીને એણે એથેન્સની મદદ માગી; એથેન્સ માટે એ નિર્ણય પર આવવું સહેલું નહોતું. એથેન્સને માટે તો ખાસ. કારણ કે કોરીન્થે આ પહેલાં એથેન્સને ઘણીવાર સહાય કરી હતી; ખાસ કરીને જ્યારે એથેન્સવાસીઓએ એમના રાજાને પદભ્રષ્ટ કરી હાંકી કાઢયો ત્યારે એને પાછો બેસાડવા માટે સ્પાર્ટાએ બધાં ગ્રીક રાજ્યોની પરિષદ બોલાવેલી તે વખતે કોરીન્થના ઉગ્ર વિરોધને લીધે જ એ વાત પડતી મુકાઈ હતી-એ સૌ જાણતા હતા. પણ બીજી બાજુએ જો પોતે કોરીન્થનો પક્ષ લે તો કોરક્રીપા જરૂર સ્પાર્ટાના પક્ષે જાય જ; ને તો સ્પાર્ટાનું બળ ઘણું વધી જાય. સ્પાર્ટા પાસે જે નહતું-ને જે એથેન્સ પાસે હતું તે બળ-નૌકાસૈન્ય. કોરક્રીપા આ ખોટ પૂરી પાડે તો જે લડાઈ ફાટું ફાટું હતી તે ફાટી જ નીકળે ને એથેન્સને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમાંથી પાર ઊતરવું ભારે જ પડે. ને સ્પાર્ટા તો લડાઈનું બહાનું ખોળતું ઊભું જ હતું. કોરક્રીપાના પ્રતિનિધિએ બરાબર આ જ રગ દબાવી. એણે કહ્યું: "બહુ સૂક્ષ્મ વિચાર કરવાથી રાજ્ય નહિ સચવાય. આંતરરાષ્ટ્રિય કાયદાના નાજુક મુદ્દાઓ પર તમે ચર્ચાઓ કરતા રહેશો ને તમારા હરીફો ઈટાલી ને સીસીલીના ચાવી જેવા નૌકામથકનો કબજો મેળવી લેશે."

આ દલીલે કોરક્રીપાનું ત્રાજવું નમાવ્યું. લાંબા સમયના મિત્ર કોરીન્થને બદલે કોરક્રીપાને હુમલા વખતે મદદ કરવાનું એથેન્સે વચન આપ્યું.

કોરીન્થનો ક્રોધ ધધકી ઊઠ્યો. કૃતઘ્ની એથેન્સને આનો બદલો આપવા એણે જાણે હવે પ્રતિજ્ઞા લીધી. આ માટે સ્પાર્ટા પાસે મદદ માગી. આ રીતે ઘણા વખતથી જે લડવા ઈચ્છતા હતા તે આ રીતે મેદાનમાં સામસામે આવી ગયા. ગ્રીસ બે છાવણીઓમાં વહેંચાવા માંડ્યું. એક બાજુ એથેન્સ ને એના થોડાં અધકચરા સાગરીતો ને તાબાના સંસ્થાનો–ને સામી બાજુએ સ્પાર્ટા ને કોરીન્થની આગેવાની નીચે બાકીનું આખું ગ્રીસ. આખરી નિર્ણય કરવા માટે સ્પાર્ટામાં જ્યારે એના પક્ષના રાજ્યોની પરિષદ મળી ત્યારે કોરીન્થના પ્રતિનિધિએ કહ્યું તે નોંધવા જેવું છે.

"આ એથેનીયનો કેવા છે તે સમજી લો–તમારા ને એના વચ્ચે કેટલો મોટો ફેર છે ? તમે આ તમારી નાની ખીણુમાં પુરાઈને એકધારી રોજિંદી જિંદગી ઘસડયે જાઓ છો ત્યારે એ રોજ રોજ પોતાના રાજ્યના સીમાડા વધાર્યા જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરે છે. પોતાના શહેરને મહાન ઠરાવવા રાતદિવસ મચ્યા રહે છે-ને એટલાથી એમને કદી સંતોષ થતો નથી.

"તમે જડ-ભીરુ છો. ભારેમાં ભારે આફત પણ તમને ઊંઘમાંથી જગાડી શકતી નથી. તમે એથેનીયન મહત્ત્વાકાંક્ષાને ક્યારે રોકવાના છો? હું મિત્ર તરીકે બોલું છું. નવો જમાનો નવી રીતભાત માગે છે. તમારે તમારું સ્થાન જાળવવું હોય તો સમય સાથે ચાલવું પડશે-તમારા જૂના ખ્યાલો છોડો-જડતા એ કાંઈ સ્થિરતા નથી. આ ઘૃણાપાત્ર એથેનીયનો પાસેથી પણ એ પાઠ શીખવા જેવો છે."

નસીબ સંજોગે તે વખતે સ્પાર્ટામાં કોઈક એથેનીયનો આવેલા. ખાસ રજા મેળવી આ પરિષદમાં હાજર રહેલા. જ્યારે કોરીન્થીયન પ્રતિનિધિ પોતાનું ઝેર વમન કરી રહ્યો ત્યારે એ અજાણ્યા એથેનીયને થોડુંક કહેવાની રજા માગી ને એ મળતાં એણે કહ્યું, "એથેન્સે ગ્રીસને બે વાર બચાવ્યું છે-એક વાર મેરેથોનમાં જ્યારે એ એકલું હતું-ને બીજી વાર સેલેમીસમાં જ્યારે એના સાથીઓ એને દગો દેવાની અણી પર હતા. ગ્રીકોના શિરોમણિ થવાને માટે આ શું પૂરતું નથી? એથેન્સે સામ્રાજ્ય મેળવ્યું કે સ્થાપ્યું નથી-એના પર લાદવામાં આવ્યું છે. સ્પાર્ટા શું એ નથી જાણતું? ને આ સત્તાનો પણ એણે મર્યાદાસરનો જ ઉપયોગ નથી કર્યો? ઈરાની કે સ્પાર્ટન સેનાપતિઓની તુમાખી શું એથેન્સમાં કોઈએ જોઈ છે? પણ કેટલાકને સુંવાળી ધૂંસરી કરતાં ખરબચડી બેડી ગમતી હોય છે. એથેન્સે જો પહેલેથી જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આકરો સપાટો ચલાવ્યો હોત તો આટઆટલી બૂમો અાંહીં એના તાબેદારો પાડે છે તે પાડતા હોત ખરા ?

સ્પાર્ટનો ! આ બધાના ઝેરના પ્રવાહમાં તણાઈ તમે કેવી ભયંકર જવાબદારી ઉઠાવી રહ્યા છો તેનો બરાબર ખ્યાલ રાખજો–એથેન્સ બધી જ વ્યાજબી બાંધછોડ કરવા તૈયાર છે, આ યે જો તમે ન સ્વીકારો તો આક્રમણનું પાપ તમારે શિરે છે. ”

પણ સ્પાર્ટનો એનું સાંભળવાના મિજાજમાં નહોતા. એમને તો ગર્વિષ્ઠ ને સામ્રાજ્યવાદી એથેન્સ સાથે મુકાબલો કરવો હતો. કલા–કારીગરીને માટે એથેન્સના એ વખાણ કરતાં હતાં. પણ એ નોંધવા જેવું છે કે એથેન્સની નીતિનો બચાવ કરતાં બોલનારો ઈરાની સામ્રાજ્યના કરતાં એથેન્સનું સામ્રાજ્ય સારું છે એમ દલીલ કરી છે–બળવાને નબળા પર શાસન તો કરવું જોઈએ–પણ મર્યાદા સાથે કરવું જોઈએ એટલું જ એનું કહેવું છે. બીજી ઊંચી કોટીની દલીલો એને જીતી નથી. એ પૂરતું એથેન્સ પણ પૂરું તંદુરસ્ત નહોતું. સામ્રાજ્યવાદે એને કોરી ખાધું નહોતું. પણ એના જંતુઓ એનામાં પેસી ગયાં હતાં–ને એક રીતે એમ થાય તેમાં નવાઈ પણ નથી. સમાનભાવવાળો સંઘ ત્યારે જ ટકી શકે કે કાં તો બધા સમાનશક્તિવાળા ને સંસ્કૃતિની સમાન કક્ષાવાળા હોય. એથેન્સે જ્યારે એરીસ્ટેડીસના કહેવાથી સંઘ ઊભો કર્યો ત્યારે એનું મુખ્ય લક્ષ હતું ઈરાની સામ્રાજ્યથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રીસનું રક્ષણ કરવાનું. પોતાના સાથીદારોને સમાન હક્ક આપવો–પણ હક્કના ભોગવટા માટે જોઈતી સંસ્કારિતા કે શક્તિ આપવાનું પણ સંઘના મોવડીનું કર્તવ્ય છે એમ કોઈને દેખાયું નહોતું. એટલે ધીમે ધીમે જે સમાન અધિકાર સાથે અસમાન શક્તિ ને સંસ્કારિતાવાળાનો સંઘ શરૂ થયો હતો તેમાંથી સૌ ખસતા કે ખરતા જતા હતા–પણ ખસે કે ખરે એ ગ્રીસના રક્ષણની દૃષ્ટિએ પોસાય તેમ નહોતું–એટલે બળજબરીથી પણ એને સંઘમાં રાખ્યા સિવાય છૂટકો નહોતો. ને જેમ જેમ એથેન્સની સંસ્કૃતિ આગળ વધતી ગઈ–તેમ તેમ બીજા જોડીદારોની વચ્ચેનું સાંસ્કૃતિક અંતર વધતું જ ગયું. એથેન્સના શાણાઓને આ સંસ્કૃતિ પણ સૌ સાથીદારોમાં વહેંચાતી આવે તો સારું એ ન સૂજ્યું–પરિણામે રસ્તો એકજ રહ્યો ને તે સંસ્કૃતિના શિખરે બેસીને બળ વાપરવાનો ને આ આંતરવિરોધ–જેમ જેમ પેલો પેલોપોનેશ્યન વિગ્રહ લંબાતો ગયો તેમ તેમ વધતો જ ગયો ને છેવટે આપણે એ જ સંસ્કારી ને ઉદારમના એથેનીયનોના મોંએ સાંભળશું કે "સત્તા તે જ સત્ય છે–બળવાનો કરે તે જ ન્યાય–"

પણ એને હજુ એક પેઢીની વાર હતી–હજુ તો પેરીકલીસનું શાસન તપતું હતું. સ્પાર્ટનોએ પણ પહેલાં એથેન્સની પાસે પેરીકલીસને દેશવટો દેવાનું કહેણ મોકલ્યું–પણ એથેન્સ–લોકસભાએ તો એ વાત ફગાવી દીધી એટલે સ્પાર્ટાએ બીજી માગણી મૂકી કે "એથેન્સે પાસેના એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વતંત્ર શહેર મગારાના લોકોને એથેન્સમાં વ્યાપાર કરવાની બંધી કરી હતી તે ખેંચી લેવી. તે ન સ્વીકારતાં નવી જ દરખાસ્ત મોકલી. સ્પાર્ટા શાંતિ ઇચ્છે છે. એથેન્સ ઇચ્છતું હોય તો એણે ગ્રીક શહેરો પૂરાં સ્વસત્તાક રહેવા દેવાં." આ નવી માગણી પર વિચાર કરવા ફરી લોકસભા મળી કારણ કે અંદરથી તો એ એથેન્સના સંઘરાજ્યના વિસર્જનની જ માગણી હતી.

સ્પાર્ટાની જેમ એથેન્સમાં એ વખતે લડવાનું વાતાવરણ નહોતું—ઠીકઠીક એવો ભાગ મગારાના લોકો પરનો પ્રતિબંધ ખેંચી લેવાના મતના હતા. જોકે પ્રતિબંધ મૂકવાનું કારણ મગારાના લોકોએ જ એથેનીયન દૂતોનો વધ કરીને આપ્યું હતું. પણ એવા નાના મુદ્દા પર લડાઈ ન વહોરવી તેમ ઘણાનો મત હતો. ને ઘણા પેરીક્લીસની હઠીલાઈ પર અંદર અંદર બડબડતા હતા—પેરીક્લીસે પોતાનું દૃષ્ટિબિંદુ રજૂ કરતાં કહ્યું:

"તમારામાંના કોઈ એમ માનતા હોય કે આ ધૂળ જેવી વાતમાં આપણે વિગ્રહનું કારણ ન આપવું જોઈએ—તો હું એ મતનો નથી. હું મારી જૂની માન્યતાને દૃઢતાથી વળગી રહું છું કે મગારા સામેનો પ્રતિબંધ ન ખેંચાવો જોઈએ—ખેંચશું તોપણ લડાઇ અટકવાની નથી. કારણ કે આ નાનકડા મુદ્દા પર જ આપણા ખમીરની તાવણી છે. તમે એમાં નમતું આપશો તો બીજી માગણી આવીને ઊભી રહેશે—પણ જો તમે મક્કમપણે ખડા થશો તો તેમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેખાઈ જશે કે તેમણે તમારી સાથે સમાન દરજ્જા પર જ વાતચીત કરવાની છે.

સ્પાર્ટનો પાસે ધન નથી. ઝાઝા સૈનિકો પણ નથી. લાંબી ચાલે તેવી લડાઈ કરવાનું એમનું ગજું નથી. પોતાની જાતને મેદાનમાં ખપાવવા તેઓ તૈયાર છે. પણ ધન ખરચવાની તેમની તૈયારી નથી. સામસામી મેદાની લડાઈમાં એ અજીત છે પણ એથેન્સના નૌકાસૈન્ય પાસે એ નિરાધાર છે. એથેન્સ પાસે તો એના કિલ્લામાં જ બાકીના સમસ્ત ગ્રીસમાંથી ભેગા કરો તેના કરતાં ય વધારે નાવિકો છે એથેન્સને એક જ દિશામાં ભય છે. એથેન્સ બેટ નથી. જે એક બાજુ જમીન તરફની ખુલ્લી છે એ તરફથી હુમલો થાય. ને કિલ્લા બહારનાં આપણાં ગામડાં એનો ભોગ બને તે સંભવે, પણ એનો સામનો કરવા મેદાની યુદ્ધ આપવાની મૂર્ખાઇ કર્યા વિના એટલું ભોગવી લીધા સિવાય છૂટકો નથી, આપણી પાસે બીજા ઘણા બેટો છે; ગામડાં પર જ આપણો આધાર નથી. એટલે એ ગામડાં ને ઘરો જાય, તેનો શોક ન કરતા, માણસોને યાદ કરીને દુઃખ ભૂલી જજો. ઘર-જમીન માણસને નથી જન્મ આપતાં. માણસ ઘર ને જમીન ઊભાં કરે છે. મારું માનો તો હું તો આપણે સૌ એ ઘર ને ખેતરોને આપણે હાથે જ ઉજ્જડ કરી મૂકવાનું કહું. જેથી સ્પાર્ટનોને હુમલો લાવતાં પહેલાં જ ખબર પડે કે એ ઘર-ખેતર આપણને ગળે વળગે તેમ નથી. યુદ્ધકાળમાં રાજ્યવિસ્તારના મોહમાં જો તમે નહિ પડો; ને નવાં નવાં વગર ગ્યાં સાહસો નહિ ખેડો તો શ્રદ્ધાપૂર્વક હું કહું છું કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણો જ વિજય છે. મને દુશ્મનોના વ્યૂહની બીક નથી, મને વધારે બીક છે આપણી ભૂલોની. પણ એ વાત વિસ્તારથી બીજા પ્રસંગે જ કહીશ. અત્યારે તો મારી સૂચના એવી છે કે આ સ્પાર્ટન દૂતો જોડે કહેવરાવો કે જો સ્પાર્ટામાં આપણને ને આપણા મિત્રોને વેપાર રોજગાર કરવાની રજા આપવા સ્પાર્ટનો તૈયાર હોય તો આપણે મગારાવાસીઓને માટે આપણું શહેર ને બંદર ખુલ્લાં મૂકવા તૈયાર છીએ; જો સ્પાર્ટાના પોતાના મંડળના શહેરોને એને ફાવે તેવું ને નહિ કે સ્પાર્ટાને ગમે તેવું તંત્ર ઊભું કરવા દેવા તૈયાર હોય તો એથેન્સ પણ પોતાના મંડળના શહેરોને એ સંઘમાં આવ્યા તે પહેલાં જેટલાં સ્વસત્તાક હતાં તેટલાં કરવા તૈયાર છે. કહેવરાવો કે આપણે લડાઈ શરૂ કરવા તૈયાર નથી. કોઈ આવશે તો એને ધકકેલી દેવા તૈયાર છીએ. સ્પાર્ટાને સ્પષ્ટપણે સમજાવી દો કે એથેન્સ પોતાની સામેની ફરિયાદો સાંભળવા, સુલેહપ્રિય ને સમાન અધિકારવાળા પંચો પાસે મૂકવા તૈયાર છે. પણ તે ધાકધમકીથી નહિ બને.

સ્પાર્ટનોને આ સંદેશો મળ્યો. પણ એમને પંચની વાત સ્વીકારવી નહોતી. તેમ જ પોતાની પણ કોઈ પરીક્ષા કરે તે મંજૂર નહોતું. સ્પાર્ટાએ યુદ્ધ જાહેર કર્યું— માત્ર ત્યાંના ડાહ્યા રાજાએ એ વખતે કહ્યું. આપણે એવા દૃઢ શહેર સામે હથિયાર ઉઠાવ્યાં છે કે આ લડાઈ આપણે આપણા છોકરાંના છોકરાંને વારસામાં આપી જશું તેટલી લાંબી ચાલશે. ”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ઈર્ષાનું અફીણુ લઈને સ્પાર્ટનો ગાંડા થયા હતા.

લડાઈ અનિવાર્ય હતી; કારણકે એ બે સિદ્ધાંત વચ્ચેની લડાઈ હતી–પ્રજાસત્તા ને કુલીન સત્તા. એથેન્સના એકે-એક શહેરના આંતરડાં આ આંતરવિગ્રહ વીંખવાનો હતો. ને એનો પહેલો ભોગ બન્યું, નાનું એવું પ્લેટીયા.

જ્યાં એરીસ્ટેડીસે ઈરાની સેનાને છેવટની હાર આપી હતી. ત્યાંથી જ ગ્રીસની આખરી હારનાં પગરણુ મંડાયાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

પ્લેટીયાનો ઘેરો

પુત્રનાં લક્ષણ પારણુંમાંથી જણાય તેમ જે વિગ્રહમાં દયા–માયા–વિવેક, સંસ્કારિતા બધું જતે દહાડે એક ભયાનક વિદ્વેષના પૂરમાં તણાઇ જવાના હતાં તેનાં એ લક્ષણો પ્લેટીયામાં જ પરખાઈ ગયાં.

પ્લેટીયા ગ્રીસમાં નાનું એવું શહેર હતું. ડુંગરના ઢોળાવ પર એ વસ્યું હતું. ઈરાની સત્તાને છેવટની લપડાક ત્યાં ન વાગી હોત તો એને ગ્રીસમાં કોઈ જાણતું પણ ન હોત; પણ પ્લેટીયાના રહીશોએ ઝર્કસિસના સૈન્યને શિકસ્ત આપવા પોતાનું મેદાન ભેટ આપ્યું હતું–ને પોતાનું શહેર ઝર્કસિસની આગમાં ખંડેર થયા છતાં ઈરાની ફોજને નમતું નહોતું આપ્યું; એની યાદમાં એરીસ્ટેડીસે તેમ જ સમગ્ર ગ્રીસ વતી સ્પાર્ટાના સેનાપતિએ પ્લેટીયાને પવિત્ર ભૂમિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાહેર કરી હતી. એની એક એક ઇંચ જમીન માટે ગ્રીસ આખું રક્ષણ કરવા ત્યાં બંધાયું હતું, ને દરવર્ષે ત્યાં એક મેળો થતો.

મૂળે પ્લેટીયા પડખેના થેબ્ઝના મંડળમાં હતું. પણ થેબ્ઝ જ્યારે ઝર્કસિસને પક્ષે ભળ્યું ત્યારે પ્લેટીયા એથેન્સની પડખે રહેલું ને ઈરાની સેનાના પરાજય પછી પણ એ થેબ્ઝની ધૂંસરી નીચે ન જતાં એથેન્સના સંઘમાં જ રહેલું. એથેન્સને માટે પણ એ ઈચ્છનીય હતું-કારણ કે જમીન રસ્તે આવનાર દુશ્મન માટે પ્લેટીયા એ ચોકીદાર સમું હતું.

આંતરવિગ્રહ શરૂ થતાં થેબ્ઝને લાગ મળ્યો. થોડાક ઉમરાવપક્ષી પ્લેટીયેનો પક્ષમાં લઈને-સ્પાર્ટાની સાથે મસલત કરીને એક રાતે થેબીયનોની એક નાની સેના પ્લેટીયા પર હુમલો કરવાને માટે ઊપડી. બીજી એક ટુકડી મોડેથી નીકળવાની હતી ને આમ તો ઝાઝી સેનાની જરૂર પણ નહોતી કારણ કે પ્લેટીયાની વસ્તી પણ માંડ બેએક હજારની હશે. સંધ્યાકાળે-લોકો હજુ વાળુપાણી કરવામાં રોકાયા હતા ત્યાં આ પહેલી ટુકડી દરવાનોને મારી અંદર પેસી ગઈ. જે થોડા જણ સામા થયા તેમને ઠેકાણે કરી ગામ વચ્ચેના ચોરાનો કબજો કરી પડો વજડાવ્યો-કે "જે કોઇ થેબ્ઝની સત્તા નીચે આવવા તૈયાર હોય તેને રંજાડવામાં આવશે નહિ." પહેલાં તો પ્લેટીયનો ગભરાઇ ગયા-એમણે ધારેલું કે મોટું થેબીયન સૈન્ય આવ્યું હશે-પણ ધીમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધીમે સૌને ખબર પડી કે આ તો ૧૦૦–૧૫૦ માણસોની એક ટુકડી હતી–એટલે પ્રજાપક્ષી પ્લેટીયનોમાં હામ આવી. અંદરઅંદર મસલત કરવા ને યોજના ઘડવા માટે એકબીજાનાં ઘરવચ્ચેની દીવાલો સૌએ તોડી પાડી–કારણ કે શેરીઓમાંથી પસાર થવું–ને ખુલ્લે ખુલ્લી મસલત કરવી એ જોખમકારક હતું–ગામ આખામાં બહાર નીકળ્યા સિવાય સૌ અંદર મળી લે તેમ થયું; ને છેવટે એકસાથે ચોરાની નજીકના ઘરમાંથી બધા ઓચિંતાના નીકળી પડ્યા. થેબીયન હુમલાખોરો તો નિરાંતે સૂતા હતા–ચોકિયાતો શેરીઓ ને નાકા પર ચોકી કરતા હતા–પણ ચકલું પણ ફરક્યું નહોતું. એટલે એ બધા અસાવધ હતા–ને સપડાઇ ગયા. કેટલાક મરાયા, કેટલાક ભાગ્યા–પણ પ્લેટીયનોએ દરવાજાઓ બંધ કરી દીધા હતા. કેટલાકે રાંગ પર ચડીને પેલી બાજુ કૂદી પગ ભાંગ્યા–કેટલાંક પાણી જવાની ગટરોમાંથી નાસી છૂટયા. પણ ઘણાખરા તો વગર મહેનતે જ પકડાઈ ગયા. બન્યું એવું કે કિલ્લાને અડીને જ એક ડેલો હતો. ને એના મોટા દરવાજા જોઈને ભાગતા થેબીયનો એ મુખ્ય દરવાજો સમજી–સૌ ઝપાટાભેર એમાં પેસી ગયાં. પ્લેટીયનોએ ફક્ત દરવાજાને સાંકળ જ ચડાવવાની હતી. બધા બંદીવાન બની ગયા.

થેબ્ઝ ત્યાંથી ત્રણ ગાઉ જ દૂર હતું. જે બીજી ટુકડી ત્યાંથી નીકળવાની હતી તે જો પાછળ પાછળ આવી હોત તો સંભવ છે કે પ્લેટીયનો ન ફાવત; પણ એને રસ્તામાં નદીનું પૂર નડયું; ને સવારે એ પહોંચી ત્યારે જોયું તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરવાજા બંધ હતા–ને બેચાર પગભાંગલા થેબીયનો બહાર કણસતા હતા. એમના મોટા ભાગના સાથીદારો અંદર બંદીવાન હતા. એમણે તુરત જ શહેરની આજુબાજુના બગીચા ને ઘરો હતાં તે લૂંટવાનું ને જે મળે તે માણસોને બાન પકડવાનું નક્કી કર્યું. પ્લેટીયનોને આની ખબર પડી ત્યારે કહેવરાવ્યું કે જો એ લોકો આ વિચારનો અમલ કરશે તો કેદી થેબીયનોની જિંદગી સલામત નહિ રહે–પણ જો એ બધા કશી રંજાડ કર્યા વિના ચાલ્યા જશે તો એમના કેદીઓને છોડી મૂકશે. થેબીયનો આ વચન પર વિશ્વાસ રાખી પાછા ચાલ્યા ગયા ને પ્લેટીયનોએ એનો લાભ લઈને પોતાની જે મિલકત બહાર પડી હતી તે તથા જે માણસો બહાર રહી ગયેલા તેને અંદર લઈ લીધા. ને પછી જે ૧૨૦ કેદીઓ પોતાના કબજામાં હતા તેની કતલ કરી નાખી.

આ માટે પસ્તાવાનો દિવસ બહુ દૂર નહોતો. પોતાના સર્વનાશનું વારંટ પોતે જ કાઢયું હતું, બુદ્ધે સાચું જ કહ્યું છે–માણસનાં કર્મ જ માણસનું ભાથું છે. પ્લેટીયનોએ આ વચનભંગ કરીને ઝેરનું ભાથું જ બાંધ્યું હતું; ને એમની રગેરગે એ ફૂટી નીકળવાનું હતું; પણ યુદ્ધ પોતે જ એક એવી વસ્તુ છે કે જે મોટા સંતની યે મતિ ઠેકાણે રહેવા દેતું નથી. વિજય એક જ એનો સારથી છે; એને બીજા કોઈની પડી નથી.

થેબીયનોએ જ્યારે આ વિશ્વાસઘાતના સમાચાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંભળ્યા ત્યારે પ્લેટીયાની ભોંય પર હળ હાંકવાની પ્રતિજ્ઞા લીધી ને સ્પાર્ટાને મદદ માટે કહેણ મોકલ્યું.

દરમ્યાન પ્લેટીયનોએ પણ પોતાના બે દૂતોને એથેન્સ મોકલ્યા હતા. એક થેબીયનોની પહેલી ટુકડી ગામમાં પેઠી કે તરત જ.—ને એક થેબીયનો કેદ પકડાયા પછી.

બીજો સંદેશવાહક મળતાં એથેન્સે એ કેદીઓને બીજી સૂચના ન મળે ત્યાંસુધી કશું જ ન કરવાની તાકીદ કરતો દૂત મોકલ્યો. પણ દૂતે આવી જોયું તો કતલ થઈ ચૂકી હતી. એથેન્સે જોયું કે હવે પ્લેટીયાનું પાકું રક્ષણ કર્યા સિવાય રસ્તો નથી. એટલે એક એથેનીયન ટુકડીને ત્યાં મૂકી પ્લેટીયન સ્ત્રીઓ ને બાળકોને એથેન્સમાં બોલાવી લીધાં. ને કિલ્લાને નવેસરથી સમરાવવા માંડયો; પણ એથેન્સ એને ઉગારી શકે તેમ નહોતું—કારણ કે એ પોતે જ એક અણ-કલ્પ્યા મહા દવમાં ઓરાવાનું હતું—એ હતો પ્લેગ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એથેન્સ પ્લેગની આગમાં

સ્પાર્ટનો એથેન્સ પર હુમલો કરવા પોતાની ભૂમિ-સેનાને કોરીન્થની સંયોગીભૂમિ પર જમાવટ કરતા હતા ત્યારે એટીકા (એથેન્સની આજુબાજુનું પરગણું) ના ગ્રામ-વાસીઓ પોતાના બાળબચ્ચા, ઘરવખરી, ને દેવદેવલાંને ગાડાં પર ચડાવી એથેન્સ તરફ જતા હતા. એથેન્સના દરવાજે સવારના પહોરમાં ગાડાંની ઠઠ જામતી. પોતાના ઓલીવ અને દ્રાક્ષના બગીચાને છોડી આવેલા આ ખેડૂતોને માટે એથેન્સ ઘણું નાનું હતું. એથેન્સ તરફ એ સૌ ખેડૂતોને ભક્તિ ને માન હતું. સૌની રક્ષણ કરનારી દેવી ત્યાં વિરાજતી હતી—ને ત્યાંની શોભા અલૌકિક હતી. એ બધું હોવા છતાં એથેન્સમાં ચાર દીવાલ વચ્ચે પુરાઈને રહેવું એમને ગમે તેવું ન હતું એટલે દ્રાક્ષના માંડવા ને મચ્છરના તલાવડાં છોડી એક્રોપોલીસના છાયામાં આવવાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેરીકલીસનો હુકમ એમને ગમ્યો નહોતો; ને જેમ જેમ લોકોથી એથેન્સ ભરાતું ગયું, તેમ તેમ એની સામેનો અણગમો વધતો ગયો—ઉપરનું એથેન્સ-બંદર ને શહેર વચ્ચે આવેલ લાંબો કોટ–ને બંદર એમ ત્રણે વિભાગ ખીચોખીચ ભરાઈ ગયા. રસ્તાની બંને બાજુએ–મંદિરના મેદાનમાં; અરે કબ્રસ્તાનમાં પણ રાવટીઓથી ખદબદી ઊઠ્યું. એ જમાનામાં મેલાનો નિકાલ કરવા માટે આ સોહામણા એથેન્સમાં ગટરો તો નહોતી, ને ગામડામાંથી આવેલો આ સમુદાય આ સાંકડી દીવાલોમાં પુરાતાં એવો બાઘો બની ગયો હતો કે એનેય સુઘડતાના નિયમોનું પાલન કરવાનું ભાન નહોતું રહ્યું.

આમાં શીતળાને મળતો આ પ્લેગનો ઉપદ્રવ ફાટી નીકળ્યો. દક્ષિણ આફ્રિકાથી એ ઇજીપ્તમાં પેઠેલો ને ઇજીપ્તથી આવેલા કેટલાક વહાણોના ખારવાઓએ પહેલાં એ ચેપ બંદરમાં લગાડ્યો–ને પછી તો છેક ઉપર એક્રોપોલીસના ગર્ભાગારમાં વસતા પૂજારીઓ સુધી ફેલાઈ ગયો; ને આખું એથેન્સ જાણે એક રગતપીતિયાંથી ખદબદતી બીણ સમું બની ગયું; દરદીને પહેલાં પહેલાં તાવ ચડતો, ને પછી આખા શરીર પર શીળી જેવા ફરફોલા ઊપડી આવતા. દરદી તરસે તરફડિયાં મારતો, ગમે તેટલું પાણી પાય તો પણ તરસ છીપાતી નહિ. શરીરે રેશમી લૂગડું અડે તો પણ સહન ન થતું. ધીમે ધીમે આખું શરીર ગેગી જતું. પરુ વહેતું. માથું ફાટી જાય તેવી દુર્ગંધ છૂટતી ને આખરે દરદી પાંચ સાત દિવસે તરફડી તરફડીને મરી જતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ વખતની દુનિયાના પ્રમાણમાં ગ્રીસ વૈદવિદ્યામાં આગળ હતું—ઘણા રોગોના ચમત્કારી ઉપચારો એમની પાસે હતા. એટલે એથેન્સના વૈદ્યોએ આનો ઉપાય શોધવાની પણ તનતોડ મહેનત લીધી—પણ એ બધા પણ ઉપચાર કરવા જતાં આ પ્લેગમાં સપડાયા-ને ઘણાખરા નાશ પામ્યા. દોરા-ધાગા-મંતર-જંતર વાળા પણ ઝપાટામાં આવ્યા ને ખપી ગયા. છેવટે નિરાશ થઈને બધાએ હાથ ધોઈ નાખ્યા.

જે ભયંકર વેગથી રોગ શહેરમાં ફેલાયો તેણે ભલ-ભલા હિંમતવાનોની હામને પણ ભાંગી નાખી-જો કોઈપણ માણસને અમસ્તુ માથું દુ:ખતું કે તોપણ એ ઢળી પડતો, રોગની સામે ટકવાનું કે મોતનો સ્વસ્થતાથી સામનો કરવાનું ધૈર્ય કોઈમાં રહ્યું દેખાતું નહોતું. શરૂઆતમાં થોડાક મરણી-આઓને આવા રોગિષ્ટોની સારવાર કરવાનું કે એ મુડદાં ઠેકાણે પાડવાનું માથે લીધું પણ એમાંના એકેએકને પેલા મુડદાંઓ જેમ જ બેચાર રોજમાં ચિતામાં સૂવું પડ્યું એટલે આવા રોગીઓને એના સગાંવહાલાંએ પણ તજી દેવાનું શરૂ થયું-એમના મુડદાંને દાટવાની વ્યવસ્થા પણ અશક્ય થઈ ગઈ-અરે કૂતરાં-ને શિયાળ પણ આ રોગમાં સપડા-ચેલાના શબને અડયાં સિવાય હટી જતાં. પરિણામે સેંકડો શબો-દટાયા વિનાના ચારે બાજુ સડયાં કરતાં પણ એકે ગીધ આકાશમાં દેખાતું નહિ-ગીધડાં પણ એથેન્સને એ વખતે તજી ગયાં હતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આથી આ રોગમાં સપડાયેલો રોગી એક ખૂણે તરફડયા કરતો, લોકો એટલા ભયભીત કઠોર થઈ ગયા હતા કે કોઈ એની પાસે ફરકતું નહિ. તેમ કોઈ એક આંસુ પણ પાડતું નહિ.

રાવટીઓ ને ઝૂંપડીઓમાં મુડદાનાં ઢગ સડયા કરતા– કેટલાક અર્ધમૃતો તરસથી ગાંડા બનીને ઘસડાતા ઘસડાતા જાહેર કુવારા કે હોજ તરફ જતા તે એને જોઈને તંદુરસ્તો પણ નાસવા માંડતા, જાણે સભ્યતા–ન્યાય–માનવતા–કે ઈશ્વરનો ડર આ આફતમાં અલોપ થઇ ગયાં હતાં–જે લોકો દેવળમાં વસતા હતા, ને જ્યાં મુડદું ક્ષણ પણ ન રહી શકે તેવું કઠોર દેવશાસન હતું–ત્યાં પણ બાળવાની વ્યવસ્થા કરનારા માત્ર આ રોગમાંથી બચી ગયેલા થોડાક જણા હતા તે જ કરતા–કારણ કે એમને ફરી રોગ લાગુ પડતો નહોતો. આવા રોગમુક્ત લોકો જ્યારે મંદિરમાંથી મુડદું લઈને ચિતા પર નાખવા જતા ત્યારે ચિતા સળગાવી હોય ન હોય ત્યાં આજુબાજુથી બીજા આવીને ધક્કામુક્કી કે મારામારી કરીને પોતાની ખાંધ પરનું મુડદું આ સળગેલી ચિતામાં ફગાવી નાસી જતા.

જાહેર નીતિ ને સદાચારનું ધોરણ પણ છેલ્લી પાયરીએ ઊતરી ગયું. સામાન્ય સમયમાં જે દુર્વૃત્તિઓ પર સંસ્કારિતાએ કાબૂ મેળવ્યો હોય છે તે આ આફતમાં સરી ગયો. બધાં જ બંધનો જાણે હટી ગયાં–કેટલાંય પોતાના શ્રીમંત સગાંઓ મરી જતા અઢળક ધનના ધણી થતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ કઈ ઘડીએ રોગ આપણને પકડશે તે નક્કી નથી એમ સમજી એકેએક વાસના ને તરંગોને તૃપ્ત કરવા ઇંદ્રિયોની લગામો છૂટી મૂકી દેતા. જીવનમાં જાણે આ એક જ કર્તવ્ય હતું; જેટલું વાસનાસુખ ભોગવાય તેટલું ભોગવી લેવું-કાલ કોણે દીઠી છે !

બીજા કેટલાક જેમણે આજસુધી સદાચારી જિંદગી પ્રયત્નપૂર્વક ગાળી હતી. તેમણે જ્યારે જોયું કે આ મહાસંહારમાં દુરાચારી કે સદાચારી સૌ સંપડાય છે-ઉમદા ને નીચ વચ્ચે કાંઈ ભેદ આ રોગ તો કરતો નથી ત્યારે એમની ઈશ્વરના ન્યાયીપણા વિષેની શ્રદ્ધા ડગી ગઈ-ને લાગ્યું કે શીલ-સદાચાર સંયમ બધાં મિથ્યા નામો જ છે. સમાજના કાયદાની તો એમને પહેલાં પણ ઝાઝી બીક નહોતી, ને આજે તો સમાજ એના કાયદાનો અમલ પણ કરાવી શકે તેમ ક્યાં હતું ? સૌને અત્યારે લાગતું હતું કે ન્યાયાધીશ, પોલીસ ને ચોર ત્રણે ઘડી બેઘડીમાં આ સંહારમાં સાથે જ ખલાસ થઈ જવાના હતા ત્યાં કોણ કોને પૂછશે ? એટલે ગાંડાતુર બની આવા એકકાળના સદાચારી લોકો પણ બધી શરમને પણ ફેંકી દઈ અનાચાર ને વ્યભિચારના પ્રવાહમાં તણાવા લાગ્યા. માત્ર એક જ વિચારે એમનો કબજો લીધો-વિવેકને ધકકેલી દઈ-પ્લેગ એમને પકડે તે પહેલાં બને તેટલી વાસનાઓ પુરબહારમાં ભોગવી લેવી-ને-ને પછી મરવું-

થીસીડીડીસના વર્ણવ્યા મુજબ એથેન્સની આ દશા હતી.

× ×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેરીક્લીસ ક્યાં હતો ? શું કરતો હતો ? એણે આ આંતરવિગ્રહમાં આવનારી બધી મુશ્કેલીઓનો વિચાર કર્યો હતો. વેરો–અવારનવાર હાર, તંગી–એ બધા સામેના માર્ગો એણે વિચારી રાખ્યા હતા. પણ આ પ્લેગની એને કલ્પના નહોતી–એની બહેન–એની ભત્રીજી–એના બે દીકરાઓ આ પ્લેગમાં સપડાઈ મરણશરણ થઈ ગયા હતા–એનું ઘર ચુંથાઈ ગયું હતું–એનો વંશ જવા બેઠો હતો–એને એક દીકરો હતો પણ એ એસ્પેશીઆથી થયેલો–એટલે ગેર-કાયદેસર ને વારસાહકથી વંચિત; લોકોની મતિ આફત માર્યા મૂંઝાઈ ગઈ હતી એટલે આ બધી આફતના દોષ એને માથે ઓઢાડતા હતા. લડાઈનું તો ઠીક પણ પ્લેગનું કારણ પણ એ જ હતો–એણે જો લોકોને આંહીં ભેગા ન કર્યા હોત ને બહાર પોતાના ખેતર પર રહેવા દીધા હોત તો આ દશા ન થઈ હોત. હજુએ આજેયે એ એમને સ્પાર્ટનો સાથે લડવા દેવાની રજા આપવા તૈયાર ન હતો ? શું એ બધા કાયરો હતા કે સ્પાર્ટનોથી બીએ ? શૂરવી-રોનો ઇજારો શું સ્પાર્ટનોએ લીધો હતો ? કિલ્લાની રાંગ પર ઊભા ઊભા બળીને રાખ થઈ ગયેલાં પોતાના ઘરો–ને બગીચા જોતા–પોતાની નિરુપાય દશા પર બગડતા–આ રોગથી ઉજ્જડ બનતા જતા શહેર તરફ ધિક્કારની નજર ફેંકી પેરીક્લીસને ગાળો દેતા હતા. પણ પેરીક્લીસ આ બધી–ઘર ને બહારની–આફતો વચ્ચે પણ દૃઢ ને અચળ હતો. સ્પાર્ટા સાથે સમાધાન કરવા માટે સભા બોલાવવાની માગણી લોકો કરતા હતા–પણ એણે મક્કમપણે સભા બોલાવવાની ના પાડી હતી–"ઉશ્કેરાયલા લોકોને નિર્ણય કરવાનો હક્ક નથી." એમ એણે જવાબ આપેલો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લડવવાળા ઉત્સાહીઓને તેણે નૌકાસૈન્યમાં ભરતી કરી એક કાફલો સ્પાર્ટાના બંદરો ને કાંઠા પર ચડાઈ કરવા મોકલી આપ્યા; જોકે ત્યાંયે રોગે એમનો પીછો ન છોડ્યો. દરમ્યાનમાં કેટલાકે સ્પાર્ટનો સાથે સમાધાનના છૂપા સંદેશા ચલાવી જોયા-પણ સ્પાર્ટનોએ કોઠું દીધું નહિ. એમને મતે એથેનીયનો પર દેવ રૂઠ્યા હતા—શા સારુ સંધિ કરવી ? પેરીકલીસે જ્યારે આ જાણ્યું ત્યારે એણે જોયું કે હવે સમય આવ્યો છે-એણે સભાને બોલાવી ને એનું છેલ્લું વ્યાખ્યાન આપ્યું—પેરીકલીસ અદ્ભૂત વ્યાખ્યાતા હતો. મેઘની ગર્જના-ને હિમપ્રવાહનું અસહ્ય દબાણ બંનેનું એમાં મિશ્રણ થતું. કહે છે કે વ્યાખ્યાન આપતા પહેલાં અચૂકપણે એ દેવતાને પ્રાર્થતો કે એના મોંમાંથી એકે એવું વેણ ન પડે કે જે પ્રસંગને અનુચિત હોય. જોકે પેરીકલીસનું સૌથી મશહૂર વ્યાખ્યાન તો આંતરવિગ્રહની શરૂઆતમાં મરેલાને અંજલિ આપતી વખતનું છે-એમાં એણે એથેન્સના પ્રજાતંત્રના યશોગાન ગાઈ એથેન્સને ગ્રીસની વિદ્યાપીઠ કહેલ છે; આ છેલ્લા વ્યાખ્યન વયોવૃદ્ધ પિતા એના બાળકોને ઉધમાત માટે થઈ થોડા ધમકાવે-ને પછી પોતાનું ડહાપણ છેલ્લી વેળા આપ્યે જાય તેવું છે. એ કહે છે: “ કૌટુંબિક ઉપાધિને આફતોથી શુદ્ધિ ગુમાવીને તમે મારા પર, મેં યુદ્ધની સલાહ આપી એટલા માટે ને તમારા પર તમે એ માની એટલા માટે ખિજાયા છો. વિવેકમાં, નગરભક્તિમાં, સમજાવટમાં મને બીજા કરતાં ચડિયાતો સમજીને તમે મારી સલાહ ધ્યાનપૂર્વક તે દહાડે સાંભળી હતી-ને એ સલાહ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપવામાં મેં કશોયે ગુનો કર્યો હોય તેમ મનાવું ન જોઈએ. ખાસ કરીને જ્યારે લડાઈ આપણે ટાળીએ તોયે ટળે તેમ નહોતી–સિવાય કે આપણે માનહાનિ સ્વીકારવાનો અધમ માર્ગ કબૂલ કરીએ. હું તે જ પેરીકલીસ છું–જરાયે બદલાયા વિનાનો–પણ તમે દુઃખમાં તમારી તે દહાડો સ્વીકારેલી માન્યતાને વળગી રહી શક્યા નથી. તમારા પર અસહ્ય ને અદૃશ્ય દુઃખો પડ્યાં છે એ વાત સાચી છે, પણ જે મહાન નગરમાં રહેવાનું ગૌરવ આપણે લીધું, તે આથીએ અકથ્ય આપત્તિમાંયે નગરની માનહાનિ ન થવા દેવાનું શીખવે છે. મેં તમને ઘણી વાર સ્પષ્ટ કર્યું છે કે આ યુદ્ધમાં આપણા આખરી વિજય વિષે શંકા રાખવાનું કારણ નથી–પણ આ સર્વવ્યાપી નિરાશાના વખતે ખાસ જોરપૂર્વક એ યાદ આપું છું કે તમારો નૌકાકાફલો તમારી પાસે તમારા મિત્રોનો મુલક તો ખુલ્લો રહે જ છે–પણ સમસ્ત સમુદ્ર તમારે માટે ખુલ્લો પડ્યો છે–આની સરખામણીમાં આપણા ઘરો ને ખેતરોની તાત્કાલિક ખોટ મામૂલી છે–ને તે પણ આપણી સ્વતંત્રતા જાળવી રાખશું તો પાછાં મેળવશું. તમારા બાપદાદાએ તમારી પાસે જે બધી અનુકૂળતાઓ છે તેમાંની એકે અનુકૂળતા સિવાય આ બધું ઊભું કર્યું હતું—એમણે જે ઊભું કર્યું તે ખોશો તો બદનામી વહોરશો. એટલે સ્પાર્ટામાં દૂતો મોકલવાનો વિચાર છોડી દો–ને આવી પડેલી આફતને ગણગણ્યા વિના વેઠવાનું બળ કેળવો.”

લોકોએ સ્પાર્ટા સાથે સંદેશા ચલાવવાનું તો માંડી વાળ્યું–જોકે સ્પાર્ટાએ એ વખતે સાંભળ્યું પણ નહોત–તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છતાંએ કેટલાકનો પેરીક્લીસ તરફનો રોષ શમ્યો નહોતો—એટલે કેટલાકે એના પર લાંચ લેવાનો આરોપ મૂક્યો. પેરીક્લીસની લાંબી કારકિર્દી જોતાં સૌથી તકલાદી આરોપ આ હતો. પણ એથેન્સના લોકોને એમના પૂજનીયોને પણ થોડા હડવડાવવામાં જાણે રસ હતો. એટલે થોડો દંડ કરીને એને નિર્દોષ જાહેર કર્યો—પણ પેરીક્લીસે તો નિવૃત્તિ જ પસંદ કરી. ગણ્યાગાંઠ્યા મહિનામાં જ લોકોને ખબર પડી કે પેરીક્લીસનું સ્થાન લે તેવું કોઈ હતું જ નહિ. એટલે વળી એને મનાવા પ્રતિનિધિઓને મોકલ્યા—એના દંડ જેટલી રકમ પાછી આપવી તેમ ઠર્યું—ને સૌથી અગત્યનું ને પેરીક્લીસને આકર્ષે તેવું કામ તો એસ્પીશિયાથી થયેલા દીકરાને કાયદેસર—ને પૂરા એથેનીયન તરીકે સ્વીકારનારું બીલ પસાર કર્યું—અલબત્ત એનો લાભ પછી બીજાઓએ પણ લીધો.

આ પછી પેરીક્લીસ ફક્ત એક વર્ષ જ જીવ્યો—છેલ્લા દિવસોમાં એના પાસે બેઠેલા એના મિત્રોએ બેભાન છે એમ સમજીને એના કાર્યોની મહત્તા ગણાવતા હતા.

એકે કહ્યું: "એણે નવ વિજયસ્થંભો ઊભા કર્યા છે."

બીજાએ કહ્યું: "આ એક્રોપોલીસ આગળ એ બધા વિજયો ઝાંખા છે."

"જાણે દેવભવન" ત્રીજાએ કહ્યું.

"ને કેટલાં શહેરોને એથેન્સના સંઘમાં આણ્યાં. કેવો મહાપુરુષ!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેરીકલીસ આંખો મીંચીને આ સાંભળતો હતો. એણે ધીમેથી કહ્યું, "એક વાત ગણાવવાનું તમે ભૂલી જાઓ છો. વિજયો તો બીજા ઘણાએ સેનાપતિઓએ મેળવ્યા છે—ને એમાં તો તકદીર પણ કામ કરી જાય છે; પણ જેને માટે હું સાચે જ ગર્વ લઉં છું તે તો તમે જોઈ જ શકયા નથી. મારા કોઈ પણ હુકમને પરિણામે એકે એથેનીયનને સોગ પાળવો નથી પડયો."

એ ગયો ને એની સાથે એથેન્સનું ડહાપણ ને લક્ષ્મી બંને ગયાં—ને સરસ્વતી ?

રાજકારણીય પુરુષો તો ઘણા હોય છે—પણ રાજનીતિજ્ઞ તો જવલ્લે જ મળે છે. પેરીકલીસ રાજનીતિજ્ઞ પુરુષ હતો. ઈશ્વરે એને એકીસાથે ધન—સત્તા ને સંસ્કારિતા છૂટે હાથે આપ્યાં હતાં—ને કુશળ ખેડુની જેમ એણે છૂટે હાથે એથેન્સમાં એ વેર્યાં. અઢળક પાક ઉતાર્યો. આજે પણ જગત એ પાકમાંથી પુષ્ટિ અને પ્રેરણા મેળવે છે. આંતરવિગ્રહ એણે શરૂ કર્યો હતો—ને પૂરો કરવા એ જીવ્યો હોત તો એથેન્સનો પરાજય ન થાત—એથેન્સ જ્યાં સુધી એણે વિગ્રહની શરૂઆતમાં જ દોરી આપેલ લીટીએ ચાલ્યું ત્યાં સુધી સલામત હતું. એ લીટી તજી ત્યારે જ હારના શ્રી ગણેશ મંડાયા—ને છેવટે સામ્રાજ્ય ન વધારવાની ચેતવણીનું ઉલ્લંઘન કરી ચાલુ વિગ્રહે સીસીલી પર ચડાઈ કરી ત્યારે સાવ ભોં ભેગું થઈ ગયું.

પણ એને હજુ એક પચ્ચીશીની વાર હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

પ્લેટિયાનો સર્વનાશ

એથેન્સ પ્લેગની આફતમાં સપડાયું હતું. ત્યારે પ્લેટિયા પોતાના વિશ્વાસઘાતના કરતૂકોની સજા ભોગવતું હતું. થેલીયનોએ પોતાના આગેવાન સ્પાર્ટાની મદદથી પ્લેટિયા ફરતો ઘેરો ઘાલ્યો હતો. એમણે કોઈ છટકી ન જાય એટલા માટે પ્લેટિયાના કિલ્લા ફરતા એક નહિ પણ બે ગઢ રચ્યા હતા—ને બે ગઢ વચ્ચેની જગ્યાને માપી લઈ સૈનિકોને રહેવાના ઓરડા-ઓરડી બનાવ્યા હતા.—ને બંને બાજુએ બુરજો મૂકી ત્યાં રક્ષકોની ચોકી ગોઠવી હતી. જવા આવવાનો રસ્તો આ બુરજ સોંસરવો જ રાખ્યો હતો—ને ત્યાં વરસાદ કે ઠંડીમાં ચોકીદારો બેસતા. આ રીતે પ્લેટિયનોએ જે કિલ્લાને પોતાનું રક્ષણ ગણેલ તે જ તેમનું કારાગાર થઈ પડયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્લેટિયામાં ઘેરાપલાની સંખ્યા ૪૮૦ની હતી. એમાં ૮૦ એથેનીયનોનો રાંધનારી ૧૧૦ સ્ત્રીઓ હતી. એક વર્ષ સુધી એમણે એથેન્સની મદદની રાહ જોઈ. પણ છેવટે ખોરાક પણ ખૂટવા આવ્યો. ને ધીરજ ખૂટી. એટલે થેલીયનોની કિલ્લેબંદી ચીરીને નીકળી જવાનું નક્કી કર્યું. પણ છેલ્લી ઘડીયે અરધાની હિંમત છૂટી ગઈ. યોજના પણ કાચાપોચાની હિંમત ટી છૂટી જાય તેવી જ હતી.

કિલ્લેબંદી ભેદનારા બસો હતા, જ્યારે સામે હજાર હતા. નીસરણીઓ વતી દિવાલ ઓળંગી બુરજ સર કરી. સિપાહીઓથી ભરેલા નીચલા ઓરડાઓમાંથી માર્ગ કાપી. સીડી પર થઈને સામા બુરજ પર ચડી પેલી બાજુ ઊતરવાનું હતું.—ને ત્યાં પણ ખાઈ પરનો પુલ વળોટવાનો હતો. અભિમન્યુના સાત કોઠા જેવું આ સાહસ હતું.

પહેલાં તો બરાબર માપવાળી નીસરણીઓ બનાવવાનો સવાલ હતો. સદ્ભાગ્યે થેલીયનોએ બાંધેલ દીવાલની પરથી એક બે જગ્યાએ ચૂનો ખરી ગયો હતો ને ઈંટો ગણી શકાય તેમ હતી. એક પછી એક ઘણાએ ઘણીવાર ગણીને ઊંચાઈનું માપ કાઢી લીધું.

આ જીવલેણ સાહસમાં જરાયે ગફલત ન થાય તે માટે બીજી અગત્યની વાત હતી—દરેકે શું કરવાનું છે તે સમજી લેવાનું. અવાજ, ગરબડ, ને ગફલત ન થાય તે પર જ સફળતાનો થોડોઘણો પણ સંભવ હતો. જો એક પણ ઘાંઘો થાય કે જરાકે શરતચૂક કરે તો બાકીના બધાયનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી બને. કોણ નીસરણી લેવાનું હતું, કોણ ગોઠવવાનું હતું, કોણ પહેલાં પડવાનું હતું ને કોણે ઉપર ચડયા પછી પાછલા હુમલાને ખાળવાનો એ બધું જ બરાબર નક્કી થયું.

રાત એમણે યોગ્ય જ પસંદ કરી. અંધારી રાત હતી. ને વરસાદ ને તોફાન બંને સાથે હતાં. પ્લેટિયનોએ પોતાની ખાઈ ઓળંગીને થેલીયનોની દીવાલ નજીક પહોંચી ગયા. પવનના તોફાન ને વરસાદના ઝાપટામાં એમના પગલાંનો અવાજ સંભળાય તેમ નહોતું—બે બુરજ વચ્ચેની જગ્યા પસંદ કરી એમણે સીડી ગોઠવી—જે બખ્તર પહેરેલા બાર જણા ઉપર ચડી. છ–છ જણા બંને બુરજમાં ધસી ચોકી-દારોને ઠેકાણે કરી. દરવાજા પર ખડા થઈ ગયા. એક પછી એક સૌ ચડવા માંડયા. બીજા બુરજના ચોકીદારોને હજુ આનો ખ્યાલ પણ નહોતો આવ્યો. પણ ઘણાખરા ચડી રહ્યા હતા. ત્યારે એક જણના હાથે ઉપરની ઈંટ ખસી પડી. ઈંટ પડવાના અવાજે બીજા ચોકીદારો જાગી ઊઠયા અને આખું સૈન્ય જાગી ઊઠયું, પણ અંધારામાં કયા બુરજ પર દુશ્મનો ચડયા છે તે ખબર પડી નહિ, એટલે ચારે બાજુ ધ્યાન દોરવા માંડયા. કિલ્લામાંના પ્લેટિયનોએ પણ બીજી બાજુ ધ્યાન ખેંચવા સામેના ખૂણા પર ખોટો હલ્લો શરૂ કર્યો. અંધારું તોફાન ને આ હલ્લો ત્રણેએ એમને મૂઢ જેવા કરી દીધા–થોડાક જણ તો એથેનીયનો ઘેરો તોડાવવા આવ્યા એમ ધારી એ બાજુ બહાર નીકળી ગયા. આમ મરણિયા ૨૦૦ એ જણા માટે રસ્તો ખુલ્લો થઈ ગયો. જ્યારે એ બધા બહારની ખાઈ પાસે પહોંચ્યા ત્યારે જે થોડાક થેલી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચનો એથેનીયનો આવ્યા એમ ધારીને બહાર નીકળી પડ્યા હતા. તેમનો ભેટો થઈ ગયો. પણ એમના હાથમાં મશાલો હતી એટલે પ્લેટિયનો માટે ઊલટું નિશાન લેવું સહેલું થઈ પડ્યું; ખાઈ વરસાદના પાણીથી ઊભરાઈ ગઈ હતી એટલે પાર કરવી મુશ્કેલ હતી. પણ ખાઈની માટી ઓથારમાં સંતાતા-લપાતા—મશાલના તેજમાં વરતાતા થેલીયનોને વીંધતા નાસી છૂટ્યા. રાત આખી તોફાન એવું ને એવું જ ચાલ્યા કર્યું. એટલે એમનો પીછો પકડવાનું પણ થેલીયનોથી બની ન શક્યું. નાસેલા એ પહેલાં થેબ્સનો જ રસ્તો લીધો-જે તો કોઈ જ ધારે તેમ ન હતું. ને એકાદ ગાઉ એ જ રસ્તે ચાલ્યા પછી આડા ફાટી એથેન્સનો માર્ગ લીધો. એથેન્સમાં પહોંચ્યા પછી એમણે ગણતરી કરી તો ૨૦૦ જણામાંથી માત્ર ૮ જણા જ ખોવાયા હતા. એમાંના સાત છેલ્લી ઘડીએ પહેલી ખાઈ આગળથી જ હિંમત છૂટી જતાં પ્લેટિયામાં પાછા ગયા હતા. માત્ર એક જ જણ બીજી બહારની ખાઈ આગળ પકડાઈ ગયો હતો.

જે સાત પાછા ફર્યા તેમણે પ્લેટિયામાં જઈને ખબર આપ્યા કે બાકીના બધા આ ગાંડા સાહસમાં મળી ગયા હતા. આ સાંભળીને ઘેરાયલા પ્લેટિયનોએ બે દિવસની તહકૂબીએ બધાને દાટવા માટે માગી. પણ જ્યારે એમનો દૂત એકે શબ નથી એવા ખબર લાવ્યો ત્યારે તેમને કેવો આનંદ થયો હશે? માથું વાઢે તે જ બાલ કાઢે છે.

* * *

પોતાના સાથીદારોના આ અપ્રતિમ સાહસમાં સાથ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપતાં ખચકાઈ જનારા બાકીના પ્લેટિયનોના તકદીરમાં જે કરુણ મોત લખાયું હતું તેની જો એમને પહેલેથી દેવે જાણ કરી હોત તો એમાંના એકેએક માણસે એ જીવલેણ સાહસમાં હસતાં હસતાં ભાગ લીધો હોત. એક વર્ષ પછી પ્લેટિયનોનું સંઘરેલું અનાજ ખૂટયું. દિવસ જતા નહિ ને રાત લાંબી લાગતી. કાંગરા પર ચોકી કરવા ચડયા પણ મોટો ભાગ ચશકત હતો. આ સ્થિતિમાં કિલ્લા પર હુમલો થયો. કિલ્લો સહેજે જીતાઇ જાત, કારણ કે અંદર માત્ર ૨૨૫ જણ અર્ધમૃત દશામાં જ હતા. પણ લડાઈના નિયમ પ્રમાણે સંધિ થાય ત્યારે હુમલો કરીને જ જીતાયું હોય તે પાછું આપવું પડે, પણ મરજીથી જે શહેર શરણે આવ્યું હોય તે તો રહે. સ્પાર્ટન સેનાપતિએ આથી હુમલો કરીને લેવા કરતાં શરણાગતી મેળવવા પ્રયાસ કર્યો ને દૂત મોકલી તાબે થવાનું કહેણ મોકલ્યું. ને સ્પાર્ટન ન્યાયાધીશો પાસે એમનો ન્યાય નિષ્પક્ષ રીતે તોળાશે તેમ ખાતરી આપી. ભૂખે મરતા સ્પાર્ટનોએ હથિયાર હેઠે મૂકયાં; એમને કેવો નિષ્પક્ષ ન્યાય મળવાનો હતો તેની એમને ખબર નહોતી.

પાંચ સ્પાર્ટન ન્યાયાધીશો આવી પહોંચ્યા. એમને સામે કોઈ આરોપ ન મુકાયો. માત્ર એકેએક જણને બોલાવી એકજ સવાલ પૂછયો: “ આ યુદ્ધમાં તમે સ્પાર્ટા કે એના મિત્રોની શી સેવા કરી છે ? ”

પ્લેટિયનોએ કહ્યું. આ કાંઈ આરોપ નથી. અમે ગુનો શું કર્યો છે તે બતાવો ને સાબિત કરી આપો. આ તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માત્ર જાળ છે. શરણાગતી તમારા એ વચન પર વિશ્વાસ રાખીને સ્વીકારી છે કે જે નિર્દોષ હશે તે બચી જશે ને ગુનેગાર જ દંડાશે. પણ અમને લાગે છે કે અમે ખોટી જગ્યાએ વિશ્વાસ મૂક્યો. અમારું ભાગ્ય નક્કી થઈ ચૂક્યું છે. એ તો તમારા આસવાસ, તમારા કઠોર ચહેરા ને ઘાતકી નજર પરથી જ સમજી શકીએ છીએ. તમારા નિર્ણયને અમે ફેરવી શકીએ તેવી તો આશા નથી. પણ મૃત્યુકાળે વખતે એકાદ હકીકત રજૂ કરી હોત તો કદાચ બચી જાત એ વિચાર વડે નહિ એટલા ખાતર અમારો પક્ષ રજૂ કરવાનું નક્કી કર્યું છે.

વૃદ્ધ પ્લેટિયને કહ્યું: "ગ્રીસના કોઇ પણ શહેરનો ઈતિહાસ અમારા જેટલો ઉજમાળો નથી. મેરેથોન–ડેસેલે-ઓસ—દરાયસ વખતે, ઝર્કસિસ વખતે જમીન કે દરિયા પર જ્યાં ગ્રીસે અમને બોલાવ્યા ત્યાં અમે હાજર થયા છીએ ને તૂટી મૂઆ છીએ. સ્પાર્ટા તો અમારું ખાસ ઋણી છે. ધરતી-કંપ વખતે તમારા ગુલામોએ બળવો કર્યો હતો. એક બાજુ ધરથીકંપની ખુવારી ને બીજી બાજુ ગુલામોનો બળવો, એવી સાંકડમાં તમે હતા ત્યારે અમે અમારા પ્રજાજનોને તમારી મદદે દોડાવ્યા હતા. આ થેબીયનો ત્યારે કયાં હતા? ઝર્ક-સિસ વખતે એ એના પક્ષે હતા. દરાયસ વખતે આખા ગ્રીસનું સત્યાનાશ વાળવામાં એ ભેળા હતા? એમણે અમારા પર જુલમ ગુજાર્યો ને તમે અમને મદદ ન કરી એટલે અમે એથેન્સનો આશરો લીધો. એમાં વાંક કોનો? તો પછી આ સવાલનો શો અર્થ છે. જો તમે અમારા મિત્ર ને સાથીદાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હો તો અમારા દુશ્મન સાથે શા માટે ભળ્યા છો ? ને જો દુશ્મન હો તો અમારી સેવા માગવાનો તમને કશો હક નથી. એથેન્સે અમને થેબ્ઝ સામે કાયમ રક્ષણ આપ્યું છે—ખાનદાની ને દિલાવરીના એકેએક રિવાજ મુજબ અમે એમની પડખે આફત પ્રસંગે ઊભા રહેવા, બંધાયેલા છીએ.

અમારું શહેર આ પહેલાં બે વખત પાયમાલ થયું છે. એ વખતે તો દોષ પર્શીયનોનો હતો. અમને એનો પસ્તાવો પણ નથી. અમારાં શૌર્ય ને અમારી ટેકને એજ લાજમ હતું-પણ આ બાબતની પાયમાલી અમારા જ ભાઈ ને ભેરુને હાથે થઈ છે તે યાદ અમને વીંધે છે. દુનિયા તમને શું કહેશે ? તમારાં હૃદય એવાં કઠોર થયાં છે કે અમે જીવતદાન માગીએ તોપણ ન મળે ? યાદ રાખજો કે અહીં તમારા પિતૃઓની સમાધિ માટે જ-ને અમે એની રજા કરી છે સાચવણ રાખી છે-જેમણે એમને માર્યા હતા તેમના જ હાથમાં તમે અમને સોંપવાના કે ? અમને મારીને એમને આભારી ન કરતા-પણ ઉદાર બનીને અમને આભાર નીચે આણજો.

પણ મારે હવે થંભવું જોઈએ—આ પછી પણ જો તમારો નિર્ણય અમારા દેહાંતનો જ હોય તો છેવટ એક જ વિનંતી છે, કે અમને થેલીયનોનાં હાથમાં ન સોંપતાં. પણ અમારા શહેરમાં પાછા મોકલી આપજો--થેલીયનોને હાથે કતલ થવા કરતાં અમે ભૂખે મરવું પસંદ કરશું.

પણ પથ્થર હોય તો પીગળે ને ! અહીં તો વજ્રથી યે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કઠોર સ્પાર્ટનો હતા. થેલીયન વકીલે મૂકેલા આરોપોને એણે મંજૂરી આપી—ને એકેએકને બોલાવીને જલ્લાદને હવાલે કરી દીધા—ને એક પણ જણને ન જવા દીધો. ૨૨૫ જણા તે દહાડે કતલ થયા. એમાં ૨૫ એથેનિયનો હતા.

આમ એક દઢ ને અટલ પ્લેટિયાનો અંત આવ્યો. ગ્રીસને જાણે ટેક ને બહાદુરી ખપતાં ન હતાં. હરેક આંતર-વિગ્રહને એ ગુણો પરવડતા નથી. પછી એમાં ભાગ લેનાર સ્પાર્ટા હોય કે એથેન્સ—બહુ થોડા દિવસમાં એથેન્સ પણ એની શોભા ને સંસ્કારને વિસારી આ જ માર્ગે અનુસર-વાનું હતું.

આંતરવિગ્રહને સ્વતંત્રતા—સંસ્કાર—ને શોભા સાથે બારમો ચંદ્રમા છે. પછી એ ગ્રીકો લડતા હોય કે બીજા—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હો તો અમારા દુશ્મન સાથે શા માટે ભળ્યા છો ? ને જો દુશ્મન હો તો અમારી સેવા માગવાનો તમને કશો હક નથી. એથેન્સે અમને થેબ્ઝ સામે કાયમ રક્ષણ આપ્યું છે—ખાનદાની ને દિલાવરીના એકેએક રિવાજ મુજબ અમે એમની પડખે આફત પ્રસંગે ઊભા રહેવા, બંધાયેલા છીએ.

અમારું શહેર આ પહેલાં બે વખત પાયમાલ થયું છે. એ વખતે તો દોષ પર્શીયનોનો હતો. અમને એનો પસ્તાવો પણ નથી. અમારાં શૌર્ય ને અમારી ટેકને એજ લાજમ હતું-પણ આ બાબતની પાયમાલી અમારા જ ભાઈ ને ભેરુને હાથે થઈ છે તે યાદ અમને વીંધે છે. દુનિયા તમને શું કહેશે ? તમારાં હૃદય એવાં કઠોર થયાં છે કે અમે જીવતદાન માગીએ તોપણ ન મળે ? યાદ રાખજો કે અહીં તમારા પિતૃઓની સમાધિ માટે જ-ને અમે એની રજા કરી છે સાચવણ રાખી છે-જેમણે એમને માર્યા હતા તેમના જ હાથમાં તમે અમને સોંપવાના કે ? અમને મારીને એમને આભારી ન કરતા-પણ ઉદાર બનીને અમને આભાર નીચે આણજો.

પણ મારે હવે થંભવું જોઈએ—આ પછી પણ જો તમારો નિર્ણય અમારા દેહાંતનોજ હોય તો છેવટ એક જ વિનંતી છે, કે અમને થેલીયનોનાં હાથમાં ન સોંપતાં. પણ અમારા શહેરમાં પાછા મોકલી આપજો--થેલીયનોને હાથે કતલ થવા કરતાં અમે ભૂખે મરવું પસંદ કરશું.

પણ પથ્થર હોય તો પીગળે ને ! અહીં તો વજ્રથી ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કઠોર સ્પાર્ટનો હતા. થેલીયન વકીલે મૂકેલા આરોપોને એણે મંજૂરી આપી—ને એકેએકને બોલાવીને જલ્લાદને હવાલે કરી દીધા—ને એક પણ જણને ન જવા દીધો. ૨૨૫ જણા તે દહાડે કતલ થયા. એમાં ૨૫ એથેનિયનો હતા.

આમ એક દઢ ને અટલ પ્લેટિયાનો અંત આવ્યો. ગ્રીસને જાણે ટેક ને બહાદુરી ખપતાં ન હતાં. હરેક આંતર-વિગ્રહને એ ગુણો પરવડતા નથી. પછી એમાં ભાગ લેનાર સ્પાર્ટા હોય કે એથેન્સ—બહુ થોડા દિવસમાં એથેન્સ પણ એની શોભા ને સંસ્કારને વિસારી આ જ માર્ગે અનુસરવાનું હતું.

આંતરવિગ્રહને સ્વતંત્રતા—સંસ્કાર—ને શોભા સાથે બારમો ચંદ્રમા છે. પછી એ ગ્રીકો લડતા હોય કે બીજા—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ સ્વપ્નશિલ્પીઓ

પેરીકલીસે ધાર્યું હશે કે વિગ્રહ થોડા વખતમાં પતી જશે, પણ દુનિયાના ઈતિહાસમાં લાંબુ ખતરનાક યુદ્ધોમાંનું એ એક બની ગયું. સ્પાર્ટા અને એથેન્સ વચ્ચેની એ લડાઈ પૂરાં ૨૭ વર્ષ ચાલી. પેરીકલીસ એનું સંચાલન પાંચ વર્ષ પણ ન કરી શક્યો એથેન્સમાં પ્લેગ ફાટી નીકળ્યો; હજારો લોકો ' પાણી પાણી ' વલવલતા એમાં મૂઆં. પેરીકલીસનો દીકરો એમાં સપડાયો, એની બહેન પણ ' સપડાઈ. વિજય તો દૂર રહ્યો, પણ પ્લેગના સર્વ-નાશમાંથી કેમ બચવું તે જ વિમાસણ થઈ પડી. આ બધા ઘાથી ખખળી ગયેલ પેરીકલીસ લડાઈના પાંચમા વર્ષમાં અવસાન પામ્યો. લડાઈ તો તે પછી ૨૨ વર્ષ ચાલી ને તેમાં પણ અંતે એથેન્સ હાર્યું, લુંટાયું. પ્રજાસત્તાને સ્થાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્પાર્ટાની આપખુદી આવી. એથેન્સને સૌથી બળવાન બનાવવાની પેરીકલીસની મહત્ત્વાકાંક્ષાનું આ પરિણામ આવ્યું. પણ એથેન્સને—એથેન્સવાસીને સૌથી સુંદર બનાવવાની એની બીજી મહત્ત્વાકાંક્ષાના પરિણામરૂપ ત્યાંની કલા ને તત્ત્વજ્ઞાનની નવજાગૃતિ તે તો હજુ યે જગતને પ્રેરણા આપે છે. વર્તમાન યુરોપીય સંસ્કૃતિનું પ્રેરણાસ્થાન, પેરીકલીસે એથેન્સમાં જે કલાધરો ને તત્ત્વનિષ્ઠ સ્વપ્નશિલ્પીઓ ભેગા કરેલાં, તે જ છે.

ઈતિહાસકારોને યુદ્ધમાં વિજય પર બહુ વારી જવાની આદત પડી છે. પણ સંસ્કૃતિની પ્રગતિમાં વિજયની કીર્તિએ કે પરાજયના કલંકે બહુ ગણવા યોગ્ય ફાળો નથી આપ્યો. તેમ જ મહાન થવા માટે કોઈપણ નગર કે રાષ્ટ્રે વિજય મેળવવો જ જોઈએ તેવું નથી.

એક પેઢી સુધી ચાલેલા આ મહાયુદ્ધમાં સ્પાર્ટા વિજેતા થયું હતું; પણ છતાં યે રહ્યું તો હતું તેવું જ અજ્ઞાન ને અર્ધજંગલી. એથેન્સ હાર્યું હતું, છતાં માનવીની યશગાથાના ધ્વજવાહક તરીકે આગળ વધી શક્યું.

વિજયપૂજક ઈતિહાસકારો ઘણી યે વાર આ હકીકત સહેજે ભૂલી જાય છે. એ યાદ રાખવું જરૂરી છે કે સોક્રેટીસ, પ્લેટો ને એરીસ્ટોટલ જેવા ગ્રીક ઈતિહાસના શ્રેષ્ઠ પ્રતિભાશાળી પુરુષો આ હારેલા એથેન્સના નાગરિકો હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્લેટો ઈ. સ. પૂર્વે ૪૨૭માં જન્મ્યો હતો: બરાબર પેરીકલીસના મૃત્યુ પછી એક વર્ષે. હામ, દામ ને ઠામ, ત્રણેની અનુકૂળતા એને મળી હતી–સુખી માબાપને ત્યાં જન્મ, સુંદર ને મજબૂત શરીર ને તલસ્પર્શી બુદ્ધિ. એથેન્સ ને સ્પાર્ટાના લાંબા સંગ્રામે ઉપજાવેલ યુદ્ધના વળગાડવાળા વાતાવરણમાં એની જુવાની ગયેલી. પણ સદ્‌ભાગ્યે વીસમે વર્ષે જ એ સોક્રેટીસની અસર નીચે આવ્યો અને કાપાકાપીના ધંધામાંથી તત્ત્વજ્ઞાનના અભ્યાસ તરફ વળ્યો.

તે ઘડીથી સોક્રેટીસના અવસાન સુધી યે એ સોક્રેટીસનો શિષ્ય રહ્યો. જે થોડાક સુભાગી જુવાનો એથેન્સના એ મુર્શીદની આજુબાજુ ટોળે મળ્યા હતા તેમાં પ્લેટો મોવડી હતો. તેઓ તેની પછવાડે પછવાડે એથેન્સની શેરીઓમાં ફર્યા કરતા, કે કોઇવાર પોતાને ઘેર આમંત્રતા. એથેન્સના મોટા મોટા ને ભારેખમ લોકોને સોક્રેટીસ પ્રશ્નો દ્વારા ગોદાવી ગોદાવી ને જે રીતે મૂર્ખ ને સાવ છીછરા હોવાનું દેખાડી આપતો તે ચકિત ને આનંદિત થઈને એ સાંભળ્યા કરતા. વિદૂષક જેવો બેડોળ ને મશ્કરો છતાં સંત જેવો નમ્ર, પારગામી, આ ઉઘાડપગા સોક્રેટીસને વાદવિવાદમાં કે દારૂ પીવામાં કોઇ વટાવે તેમ નહોતું. સોક્રેટીસ ધંધે હતો શિલ્પી, પણ ભાગ્યે જ એ કામ કરતો. એણે લોકોના મનની મૂર્તિને અણીશુદ્ધ કરવાનું માથે લીધું હતું. એ પોતાને એ જમાનાનો સૌથી ડાહ્યો માણસ ગણાવતો, છતાં એનું જ્ઞાન એટલું જ હતું; એ જાણતો હતો કે એ કશું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણુતો નથી. એ કહેતો કે બીજા બધા અજ્ઞાની છે છતાં માને છે કે અમે જ્ઞાની છીએ; જ્યારે હું જાણું છું કે હું કશું જ જાણુતો નથી. તેટલા પૂરતો હું યથાર્થ જ્ઞાની છું. એના પહેલાંના તત્ત્વચિંતકોએ બાહ્ય વિશ્વનો કોયડો ઉકેલવાનો પ્રયત્ન કર્યો હતો. સોક્રેટીસને એમાં રસ નહોતો; એ કહેતો: 'એટલો બધો દેખાડો કરો મા, જો તમે તમારી જાતને ઓળખી શકો તો ય પૂરતું છે.'

'તારી જાતને ઓળખ' તે તેના સમગ્ર તત્ત્વજ્ઞાનનો સાર હતો. શીલનું મૂળ જ્ઞાન છે. લોકો સદ્‌શીલ નથી; કારણ કે એમને સદ્‌જ્ઞાન નથી. લોકો બૂરા છે એનું કારણ એ દુષ્ટ છે એમ નથી; પણ તેઓ અજ્ઞાની છે.

તત્ત્વજ્ઞાનીનું કામ લોકોના અજ્ઞાનને ફેડવાનું છે, એટલે સોક્રટીસે લોકોને રુચે કે ન રુચે તો પણ તેમના આત્મજ્ઞાનને પ્રગટાવવાનું જીવન-વ્યવસાય તરીકે સ્વીકાર્યું હતું. એની જ ઉપમા વાપરીએ તો એ દાયણની જેમ બીજાના મનમાં પડેલ એમના જ સદ્‌જ્ઞાનને બહાર અવતારવામાં મદદ કરતો હતો.

પણ બધા આમ કોઇક એને પોતાની જાતને ઓળખતાં શીખવે તેમ ઇચ્છતા નથી હોતા. તર્કબદ્ધ રીતે ઉકળાટ વિના વિચારવું એ તકલીફ આપે તેવી ક્રિયા છે અને મોટા ભાગના લોકો બને ત્યાં સુધી એનાથી બચી જવા ઇચ્છે છે. ઉપરાંત બધા માણસોની વચ્ચે પોતાના અજ્ઞાનનું પ્રદર્શન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્લેટો ઈ. સ. પૂર્વે ૪૨૭માં જન્મ્યો હતો: બરાબર પેરીકલીસના મૃત્યુ પછી એક વર્ષે. હામ, દામ ને ઠામ, ત્રણેની અનુકૂળતા એને મળી હતી–સુખી માબાપને ત્યાં જન્મ, સુંદર ને મજબૂત શરીર ને તલસ્પર્શી બુદ્ધિ. એથેન્સ ને સ્પાર્ટાના લાંબા સંગ્રામે ઉપજાવેલ યુદ્ધના વળગાડવાળા વાતાવરણમાં એની જુવાની ગયેલી. પણ સદ્‌ભાગ્યે વીસમે વર્ષે જ એ સોક્રેટીસની અસર નીચે આવ્યો અને કાપાકાપીના ધંધામાંથી તત્ત્વજ્ઞાનના અભ્યાસ તરફ વળ્યો.

તે ઘડીથી સોક્રેટીસના અવસાન સુધી યે એ સોક્રેટીસનો શિષ્ય રહ્યો. જે થોડાક સુભાગી જુવાનો એથેન્સના એ સુશીર્દની આજુબાજુ ટોળે મળ્યા હતા તેમાં પ્લેટો મોવડી હતો. તેઓ તેની પછવાડે પછવાડે એથેન્સની શેરીઓમાં ફર્યા કરતા, કે કોઇવાર પોતાને ઘેર આમંત્રતા. એથેન્સના મોટા મોટા ને ભારેખમ લોકોને સોક્રેટીસ પ્રશ્નો દ્વારા ગોદાવી ગોદાવી ને જે રીતે મૂર્ખ ને સાવ છીછરા હોવાનું દેખાડી આપતો તે ચકિત ને આનંદિત થઈને એ સાંભળ્યા કરતા. વિદૂષક જેવો બેડોળ ને મશ્કરો છતાં સંત જેવો નમ્ર, પારગામી, આ ઉઘાડપગા સોક્રેટીસને વાદવિવાદમાં કે દારૂ પીવામાં કોઇ વટાવે તેમ નહોતું. સોક્રેટીસ ધંધે હતો શિલ્પી, પણ ભાગ્યે જ એ કામ કરતો. એણે લોકોના મનની મૂર્તિને અણીશુદ્ધ કરવાનું માથે લીધું હતું. એ પોતાને એ જમાનાનો સૌથી ડાહ્યો માણસ ગણાવતો, છતાં એનું જ્ઞાન એટલું જ હતું; એ જાણતો હતો કે એ કશું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણુતો નથી. એ કહેતો કે બીજા બધા અજ્ઞાની છે છતાં માને છે કે અમે જ્ઞાની છીએ; જ્યારે હું જાણું છું કે હું કશું જ જાણુતો નથી. તેટલા પૂરતો હું યથાર્થ જ્ઞાની છું. એના પહેલાંના તત્ત્વચિંતકોએ બાહ્ય વિશ્વનો કોયડો ઉકેલવાનો પ્રયત્ન કર્યો હતો. સોક્રેટીસને એમાં રસ નહોતો; એ કહેતો: 'એટલો બધો દેખાડો કરો મા, જો તમે તમારી જાતને ઓળખી શકો તો ય પૂરતું છે.'

'તારી જાતને ઓળખ' તે તેના સમગ્ર તત્ત્વજ્ઞાનનો સાર હતો. શીલનું મૂળ જ્ઞાન છે. લોકો સદ્‌શીલ નથી; કારણ કે એમને સદ્‌જ્ઞાન નથી. લોકો બૂરા છે એનું કારણ એ દુષ્ટ છે એમ નથી; પણ તેઓ અજ્ઞાની છે.

તત્ત્વજ્ઞાનીનું કામ લોકોના અજ્ઞાનને ફેડવાનું છે, એટલે સોક્રટીસે લોકોને રુચે કે ન રુચે તો પણ તેમના આત્મજ્ઞાનને પ્રગટાવવાનું જીવન-વ્યવસાય તરીકે સ્વીકાર્યું હતું. એની જ ઉપમા વાપરીએ તો એ દાયણની જેમ બીજાના મનમાં પડેલ એમના જ સદ્‌જ્ઞાનને બહાર અવતારવામાં મદદ કરતો હતો.

"પણ બધા આમ કોઇક એને પોતાની જાતને ઓળખતાં શીખવે તેમ ઇચ્છતા નથી હોતા. તર્કબદ્ધ રીતે ઉકળાટ વિના વિચારવું એ તકલીફ આપે તેવી ક્રિયા છે અને મોટા ભાગના લોકો બને ત્યાં સુધી એનાથી બચી જવા ઇચ્છે છે. ઉપરાંત બધા માણસોની વચ્ચે પોતાના અજ્ઞાનનું પ્રદર્શન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય, ભરબજારે હાંસી થાય તે કોઈ માણસને ગમતું નથી. એટલે જેમની જેમની મૂર્ખતાને સોક્રેટીસે ઉઘાડી કરી હતી, તે બધા એના મિત્ર બને તેવી તો આશા ન જ રખાય. કોઈક કોઈક તો એની પ્રશ્નોત્તરીથી મૂંઝાઈને એને મારતા પણ ખરાં. પણ એનો આનંદી ને વિનોદી સ્વભાવ તો તેવો ને તેવો જ રહેતો.

ખાસ કરીને રાજપુરુષોને બનાવવાનો એને બહુ શોખ હતો. બધાની રૂબરૂ એ સાબિત કરી આપતો કે સારું રાજ્ય કોને કહેવાય તેની એ રાજપુરુષોને ખબર જ ન હતી. ને મોચીને જો વહાણનો સુકાની બનાવાય તો જ આ લોકોને રાજ્યવહીવટ સોંપાય.

ઉપરાંત શહેરના જુવાનોને એણે જાતે વિચાર કરતા કરવાનો પણ ધંધો ઉપાડયો હતો. હરરોજ કાંઈ ને કાંઈ નવા વિચારો એ એમના મગજમાં મૂકતો. ને એ બધા ઘેર જઈને પોતાના વડીલોની જોડે એ બધું ચર્ચીને ચમકાવતા. ઘરડા બુઢિયાઓને આ જુવાનિયા એમના કરતાં ય ડાહ્યા થઈ જાય તે ગમતું નહોતું.

એથી એક દિવસે સોક્રેટીસે તે દહાડાના રિવાજ મુજબ એથેન્સના ચોકમાં પોતાની સામે નીચેનું તહોમત ચોડાયલું જોયું.

'સોક્રેટીસ નીચેના ગુના માટે અપરાધી છે. પહેલું, એથેન્સના દેવતાઓને ભજવાને બદલે પોતાની કલ્પનાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવા દેવતાઓને ઊભા કરવા માટે. ને બીજું, જુવાનોને અનીતિમાન કરવા માટે. સજા-મૃત્યુદંડ.'

નીતિના જે સંરક્ષકોએ આ અપરાધો ઘડી કાઢચા તેમાંનો એક મુખ્ય માણુસ હતો એનીટસ નામનો ચામડાનો મોટો વેપારી. એનીટસને એક દીકરો હતો, જે સોક્રેટીસની મંડળીમાં ભળ્યો હતો. તેને સોક્રેટીસે એના બાપ સાથે ધંધામાં જોડાવાની ના પાડી હતી. એનીટસને આ કેમ પોસાય ? એટલે પોતાના ધંધા ને પોતાના દીકરા વચ્ચે આડ થનાર આ સોક્રેટીસનું કાસળ કાઢવાનું એણે નક્કી કર્યું.

સોક્રેટીસનો કેસ જે ન્યાયાધીશોની પાસે ચાલ્યો તે પણ તટસ્થ ને શાંત મને વિચારી શકે તે મનોદશાવાળા ન હતા. એક અતિ લાંબી લડાઈમાંથી એથેન્સ હમણાં જ બહાર આવ્યું હતું; ક્રાંતિ-પ્રતિક્રાંતિ-બંડ એવી વિધવિધ અવસ્થામાંથી પસાર થયા પછી એથેન્સવાસીઓની બુદ્ધિની સમતુલા ખસી ગઈ હતી. આ છતાં પણ સોક્રેટીસ છૂટી શક્યો હોત, જો એણે પોતાનો બચાવ કરવાની રીતસરની પૂર્વતૈયારી કરી હોત. પણ એણે જાણીબૂજીને આવી કોઈ તૈયારી કરવાની ના પાડી. એણે કહ્યું: "મને સિત્તેર વર્ષ થયાં હતાં. હરકોઈ માણુસને આટલી આયુ:મર્યાદાથી સંતોષ થવો જોઈએ. ને બધી ઇંદ્રિયોની શક્તિ બુઝાઈ જાય, અંગો જર્જર થાય ને ફરી હાસ્યાસ્પદ બાલપણુ આવે તેના કરતાં અત્યારે જ્યારે એની બધી ઇંદ્રિયો સજાગ ને સાબૂત છે ત્યારે જ મરવું સારું ને !"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે એણે પોતાના બચાવરૂપે અદાલતમાં જે કહ્યું તેમાં ક્ષમાની વિનંતી બદલે પોતે જીવનભર જે તત્ત્વજ્ઞાનનું સેવન કર્યું હતું તેની જ છેવટની રજૂઆત કરી. એણે કહ્યું: 'તમે કદાચ ધાર્યું હશે કે મને જીવતદાન આપવા માટે રડીશ કે વીનવીશ. બીજા કરે છે તેમ મારાં બાળકો કે સગાંને, તેવો કકળાટ કરવા ન્યાયાલયમાં લાવીશ. પણ જો હું કાકલૂદીઓ કરીને તમારી ન્યાયવૃત્તિની તુલાને નમાવવા પ્રયત્ન કરું તો મારા મનથી ગુનેગાર ઠરું. મારું કર્તવ્ય જો બની શકતું હોય તો તમને સમજાવવાનું ને શિક્ષણ આપવાનું છે.'

એણે પોતાનું જીવન ડહાપણની શોધમાં જ વિતાવવાનું પોતાનું કર્તવ્ય ગણ્યું હતું. ને એ ખાતર પોતાને તેમ જ બીજાને આત્મનિરીક્ષણ કરવા સમજાવ્યા હતા. મૃત્યુના ઓળા નીચે અહીં ઊભા ઊભા પણ એનું કર્તવ્ય તો એના પર આરોપ મૂકનારાને એ મહાન કર્તવ્યની દૃષ્ટિ-ડહાપણનો પાયો-બતાવવાનું હતું, નહિ કે ક્ષમા યાચવાનું.

એના ન્યાયાધીશોએ એને શું શિક્ષા કરવી યોગ્ય છે એમ પૂછ્યું ત્યારે એણે કહ્યું: 'મેં એથેન્સને તથા સૌને માટે જે કર્યું છે તે જોતાં જીવું ત્યાં સુધી જાહેર ખજાનામાંથી મારું બધું ખર્ચ મળે તેવી ગોઠવણ તમારે કરવી જોઈએ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન્યાયાધીશોને એ બનાવતો નહોતો ? આવી ધૃષ્ટતા કોઈ કરી શકે ?

ન્યાયાધીશોએ બહુમતીથી એને ઝેરનો પ્યાલો પીને મરવાની સજા કરી. એણે માત્ર એટલું જ માગ્યું કે 'મારા બાળકો જો જ્ઞાન ને શીલને બદલે સંપત્તિને વધારે ગણે તો મેં જેમ તમને ઠપકો આપ્યો છે તેમ ઠપકો આપજો.'

૩૦ દિવસ સુધી એને પગે સાંકળ બાંધી જેલમાં રાખ્યો. ત્યાં પાટ પર બેઠાં બેઠાં એણે જગતસાહિત્યના અમર વાર્તાલાપો કર્યાં.

જ્યારે એને ઝેરનો પ્યાલો આપ્યો ત્યારે એના મિત્રો ને ઝેર આપનાર શત્રુ, કોઈ આંસુ ખાળી ન શક્યા; અશ્રુબદ્ધ રહ્યો માત્ર એક જ શાંતમના સોક્રેટીસ.

છેલ્લી ઘડીએ એણે માથે ઓઢેલું કપડું દૂર કરી પૂછ્યું :

'ક્રિટો, મારી પાસે એશ્ક્યુપીલસ એક કૂકડો માગે છે તેને આપી દઈ શકે ?'

ક્રિટોએ રડતાં રડતાં કહ્યું: 'બીજું કાંઈ ?'

સોક્રેટીસ પાછું ઓઢી ગયો. એણે ઘણું કહ્યું હતું. વધારેની જાણે જરૂર ન હતી.

ઇતિહાસમાં ભલે લખાયું હોય કે એથેનીયનોએ સોક્રેટીસને ઝેર દીધું પણ સાચી રીતે તો પેલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંતરવિગ્રહે જ એનો બલિ લીધો. વિગ્રહની આગ ને અવિશ્વાસુ વાતાવરણે જ એથેનીયનોની સમતુલા ખોવડાવી હતી.

સોક્રેટીસનું આવું કરુણ મૃત્યુ થયું ત્યારે પ્લેટોને લાગ્યું કે હવે અહીં રહેવું સલાહકારક નથી. ખાસ કરી તત્ત્વજ્ઞોને માટે તો એથેન્સ સહીસલામત નહોતું. બાર વર્ષ સુધી એણે ફર્યા કર્યું. ઇટાલી-સીસીલીમાં જઈને 'માણસના માછીમાર' પાઈથાગોરસનો પરિચય કર્યો. પ્રાચીન જ્ઞાનના ભંડાર સમા ઇજિપ્તમાં પણ રહ્યો. કેટલાકને મતે એ પેલેસ્ટાઈન ને હિંદમાં પણ આવેલો-જોકે આ શંકાસ્પદ છે. આ બધા પ્રદેશોમાં રખડીને જ્યારે એ પાછો ફર્યો ત્યારે તેની ઉંમર ૪૦ વર્ષની હતી. એથેનીયનોનું માનસ પણ વધારે સમતોલ ને શાંત થયું હતું. આંતરવિગ્રહ વખતે માણસના જીવતરના ભાવ જે ઊતરી ગયા હતા તે પાછા સમધારણ થતા જતા હતા. હવે તત્ત્વજ્ઞાન શીખવવામાં કાંઈ ખાસ ભય જેવું નહોતું. અલબત્ત થોડી સાવચેતી રાખે તેટલું બસ હતું.

એણે તત્ત્વજ્ઞાનની વિદ્યાપીઠ શરૂ કરી. તે પોતાના વિદ્યાર્થીઓ જોડે જીવન-મૃત્યુના કોયડા પર વાર્તાલાપો કરતો. બચત વખતમાં એ લખતો. વર્તમાન સમાજ કે જેમાં સોક્રેટીસ જેવાને મરવું પડે તેનાથી ત્રાસીને જાણે એક સર્વાંગ સંપૂર્ણ સમાજનું કાલ્પનિક ચિત્ર આ સંવાદોમાં દોરવાનું એણે નક્કી કર્યું. આમાંના ઘણાખરા સંવાદોમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોક્રેટીસ મુખ્ય પાત્ર છે; ને વાર્તાલાપની પદ્ધતિ પણ સોક્રેટીસની છે, સામાન્ય રીતે એમાં ભાષા પણ સોક્રેટીસની છે, પણ વિચાર છે પ્લેટોના.

પશ્ચિમના સાહિત્યમાં આ સંવાદોની જોડનું કોઈ સાહિત્ય નથી. આ સંવાદોમાં એ આદમજાતના શ્રેષ્ઠ ગુરુઓ સમો દીપે છે. પ્લેટો સનાતન નવમતવાદી છે. એના સામાજિક ને રાજકીય સિદ્ધાંત તે દિવસની દુનિયાથી તો આગળ હતા જ, પણ આજની દુનિયાથી પણ હજુ આગળ છે. માનવજાતના ભાવિ વિષે એણે જે સર્વાંગી ચર્ચાઓ કરી છે એમાં આજના જગતના અગત્યના પ્રશ્નોમાંનો ભાગ્યે જ કોઈ કોઈ રહી ગયો હશે. વિશ્વવ્યાપી રાષ્ટ્રસંઘ, પ્રજનન શાસ્ત્ર, સંતતિનિયમન, સામૂહિક પત્નીપ્રથા, કુટુંબસંસ્થાનો નાશ, બાળકો રાષ્ટ્રનાં કે માબાપનાં, સ્ત્રીપુરુષ સમાનતા, ખાનગી માલિકીનો નાશ, મુક્ત પ્રેમ, દારૂબંધી, પ્રકાશન, નિયંત્રણ—એણે એના આશ્ચર્યજનક સંવાદોમાં જે અનેક વિષયોની મુગ્ધ કરી નાખે તેવી વિવેચના કરી છે તેમાંના આ થોડાંક છે. આ બધા જ સંવાદોની નીચે એક જ દોર ચાલ્યો આવે છે ને તે આ ધરતી પર સંપૂર્ણ ન્યાયનું સામ્રાજ્ય ફેલાય તે. વ્યક્તિ, વ્યક્તિ ને વ્યક્તિ તથા રાજ્યની વચ્ચે એને એવા પ્રકારનું રાજ્ય સ્થાપવું છે કે જેમાં સોક્રેટીસનો વધ કરવાને બદલે એને રાજા બનાવવામાં આવે.

*　　*

એની કલ્પનામાં રમતા એ આદર્શ સમાજનું ચિત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એણે પોતાના 'રિપબ્લિક' નામના ગ્રંથમાં ચીતરેલ છે. એ પ્રકારનું ઈતિહાસમાં એ પહેલું જ પુસ્તક છે.

પ્લેટોની એ વિચારસૃષ્ટિનો આપણને ખ્યાલ આવે તે માટે આપણે 'રિપબ્લિક'ના નાગરિકોનો જીવનક્રમ જન્મથી માંડીને તપાસીએ.

પ્લેટોના એ રાજ્યમાં બાળકોનો જન્મ અકસ્માત, ગમે તેની જોડે ગમે તેને વળગાડી દીધાથી થઈ શકે નહિ. ઉત્તમ પુરુષોએ ઉત્તમ સ્ત્રીઓ દ્વારા ઉત્તમ બાળકોને જ પેદા કરવાનાં છે. ઉત્તમ પુરુષોના સંઘને માટે આ ઉત્તમ સ્ત્રીઓ જ સામૂહિક છે–વ્યક્તિગત લગ્નો તેમ જ ખાનગી કુટુંબો આ ઉત્તમ સ્ત્રી–પુરુષો માટે નથી. બાળકોનો જન્મ થાય કે તરત જ એમને રાજ્યના શિશુસંગોપન ઘરમાં લઈ જવાનાં. મોટી ઉમ્મર થતાં પણ બાળકો એનાં મા-બાપોને કે માબાપો એનાં બાળકોને ન પિછાને તે જરૂરી છે. તો જ વિશ્વવ્યાપી બંધુસંઘનો પાયો નંખાય ને આને લીધે જ મોટો થતાં બાળક બીજાનો ભાઈ જ થવાનો તેવી અપેક્ષા રખાઈ છે.

આ બધાં બાળકોને ૨૦ વર્ષ સુધી એકસરખી જ તાલીમ આપવાની છે. આ પ્રાથમિક શિક્ષણનાં મુખ્ય અંગો બે જ છે, શરીર–વ્યાયામ અને સંગીત. શરીરના સપ્રમાણ વિકાસ માટે વ્યાયામ ને અંતરના સપ્રમાણ વિકાસ માટે સંગીત. પ્લેટોના શબ્દોમાં જે માણસને સંગીતનો આસ્વાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોવાની શક્તિ નથી તે અવિશ્વસનીય છે, એ અપંગ છે. એની લાગણીઓ મેળ વગરની છે, એનો સત્યાસત્યનો વિવેક વિકૃત છે. પ્લેટોને મન સંગીત એ જ વિશ્વનો આત્મા છે. એના વિનાની પૃથ્વી બળેલ કોલસા જેવી ને સ્વર્ગ રાખની ઢગલી સમું છે.

એટલે પ્રાથમિક શિક્ષણમાં સંગીત એ પ્રત્યેક માટે મહત્ત્વનું અંગ છે. આ બધી શાળાઓ સહશિક્ષણવાળી હોવી આવશ્યક છે. છોકરા–છોકરીઓએ સાથે જ ભણવા–રમવાનું છે. કસરત–રમત વખતે છોકરીઓએ પણ કપડાં કાઢવાં આવશ્યક છે. કારણકે પ્લેટોના આદર્શ રાજ્યમાં આદર્શ સ્રીને પોતાના ગુણનાં વસ્રો જ સાચું અંગઢાંકણ છે.

આ બધું શિક્ષણ વિદ્યાર્થીને માટે લેશમાત્ર વેઠ જેવું નહિ થવું જોઈએ. ઊલટું રસમય થવું જોઈએ.

ત્રીશમા વર્ષ પછી આ બધાં છોકરાં–છોકરીઓની આગળ ભણાવતાં પહેલાં ચાળણી થાય છે. જે આગળ ભણવાને માટે અયોગ્ય હોય તેઓને ખેડુ, મજૂર કે કારીગર થવાનું કહેવામાં આવે. આ છે આદર્શ નગરની 'હલકી ધાતુ' જે આ નિંદામણમાંથી ઊગરી જાય છે તે આગળ અભ્યાસ ચાલુ રાખે છે.

બીજાં દસ વર્ષ સુધી એ લોકો વિજ્ઞાનની જુદી જુદી શાખાઓનો અભ્યાસ કરે છે–ગણિત, ખગોળ, ભૂમિતિ વગેરે. પણ આ બધાંનો અભ્યાસ કોઈ સ્થૂળ ઉત્પાદન માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઈને કરવાનો નથી. એનો હેતુ એમાંની રસદૃષ્ટિ ખીલે તે માટે છે. બીજા ગ્રીકોની જેમ પ્લેટો પણ એમ માને છે કે અંગમહેનત કરવી તે હલકું છે.

૩૦મે વર્ષે અભ્યાસ પૂરો થાય એટલે ફરી એક ચાળણી થાય છે. ઉચ્ચ કેળવણી માટેની કસોટીમાં જે નિષ્ફળ નીવડે છે તે મધ્યમ વર્ગ. તે છે સૈનિકો એ બધા રાજ્ય-રક્ષકો છે. પ્લેટોના આદર્શ રાજ્યમાં પણ સૈનિકો વિના તો ચાલતું નથી, જેમ એને જંગલી ગુલામો વિના પણ ચાલતું નથી. મહેનત પ્રત્યેની ગ્રીક સૂગથી એના આદર્શ રાજ્યમાં ગુલામોની જરૂરિયાત સ્વીકારે છે. પ્લેટોની વિચાર-સૃષ્ટિમાં આ એ જાણે કલંક છે, પણ આપણે આ બીજી ચાળણીમાંથી રહી ગયેલા વર્ગનું શું થાય છે તે જોઈએ. આ રહી ગયેલા તે રાજ્યકર્તા વર્ગના ઉમેદવારો. તેઓ ત્રીશ વર્ષના થયા છે. તેઓ પાંચ વર્ષ સુધી તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરે છે. પણ એટલાથી એમનો અભ્યાસ પૂરો થતો નથી. રાજ્યકર્તા થવા માટે આકાશમાં ઊડનારી ફિલસૂફીનો અભ્યાસ પૂરતો નથી. એમણે તો એ તત્ત્વજ્ઞાનના ઊંચા મિનારા પરથી નીચે રોજબરોજની, નક્કર ધૂળિયા સૃષ્ટિમાં ઊતરવાનું છે. દુનિયા પર રાજ્ય કરતાં પહેલાં દુનિયાને એણે અનુભવવાની છે. ૧૫ વર્ષ સુધી એણે આ નક્કર ને વાસ્તવ જગતના વ્યવહારમાં પલોટાવાનું છે. તે પછી એટલે પચાસ વર્ષની ઉમ્મરે એ આદર્શ રાજ્યના તત્ત્વજ્ઞાની રાજકર્તા-વર્ગમાં દાખલ થઈ શકે છે, કારણ કે એ આદર્શ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજ્યમાં તત્ત્વજ્ઞાની જ રાજા થઈ શકે તેવું વિધાન છે. ‘ કાં તો તત્ત્વજ્ઞાનીઓ રાજા થાય ને કાં તો રાજાઓ તત્ત્વજ્ઞાની થાય—આ બેમાંથી એક વસ્તુ ન બને ત્યાં સુધી માણસજાતની હેરાનગતિનો અંત આવવાનો નથી. ’ એ છે પ્લેટોનું છેવટનું વિધાન

આ તત્ત્વજ્ઞાની રાજકર્તાઓ એ ઉપલો વર્ગ છે, ને નીચેના બે વર્ગો છે: રાજરક્ષક સૈનિકો ને ખેડૂત—મજૂરોના. એમણે ઉપલા વર્ગને આજ્ઞાધીન રહેવાનું છે.

આ રાજ્યકર્તા—વર્ગની પ્રમાણિકતા જળવાઈ રહે એટલા સારુ ખાનગી મિલકત રાખવાની મનાઈ છે. એમની પાસે જે કાંઈ હોય તે સમૂહનું છે. એમણે ભોજન લેવાનું જાહેર ઉપહાર-ગૃહોમાં ને સૂવાનું સમૂહ—બરાકોમાં. અંગત લોભ નહિ હોવાથી લાંચ એ લેશે નહિ. એમના જીવનમાં એક જ ઉદ્દેશ હશે; માણસોની વચ્ચે ન્યાયની સ્થાપના કઈ રીતે કરવી. એના દરવાજા પર લખ્યું છે: ‘ આ ન્યાયનું નિવાસ-સ્થાન છે. ’

પ્લેટોના આદર્શ નગરમાં વકીલો નથી. ઊલટું એ સૌ રોગની નિશાની લેખાય છે. કારણ કે જ્યાં જ્ઞાન છે ત્યાં કલહ—કંકાસ કેમ હોય ? લોકોના સમૂહજીવનને વ્યવસ્થિત રાખવા થોડાક નિયમો છે, પણ તે સૌ સમજે તેવા સાદા છે, કારણકે એના રાજકર્તા-વર્ગે એ સમજવાનું છે કે ‘દરેક નવો કાયદો નવા ગુનેગારોને જન્મ આપે છે.’

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ રાજ્યના પ્રજાજનોએ એમને જાતે જ વહીવટ કરતાં શીખવવાનું છે, જેથી એના પર પોલીસ છૂપી કે ઉઘાડી ન રાખવી પડે; કારણકે ગુનો તો તે અજ્ઞાની માણસ જ કરે છે. ને અજ્ઞાનીને સજા ન હોય, એને સુધારવાનો જ હોય. એ ખ્યાલે પ્લેટોના આદર્શ રાજ્યમાં ગુનેગાર એ દયાપાત્ર ગણાય છે. સજાને પાત્ર નહિ.

× ×

પણ પ્લેટોને આ બધું લખીને જ તૃપ્તિ ન થઈ. કન્ફ્યુશિયસની જેમ એને પોતાનું આ સ્વપ્ન અમલમાં મૂકવાનો ય પ્રયત્ન કર્યો. સાવરેક્યુઝના રાજાના નિમંત્રણથી એક જ્ઞાની માણસ કેમ રાજ્યશાસન ચલાવે તે બતાવવા ગયો. પણ પ્લેટોએ પોતાના ઉદ્દામ વિચારોને જ્યાં અમલમાં મૂકવા માંડ્યા ત્યારે એને ખ્યાલ આવ્યો કે એણે કેવા 'ભયંકર' માણસને નિમંત્ર્યો હતો, પ્લેટોથી છૂટવા એણે એને કોઈ ગુલામ ખરીદનારને વેચ્યો.

આમ તત્ત્વજ્ઞાનીઓમાં રાજા ગુલામ બન્યો. દુનિયા હજુ પ્રમાણિક રાજકર્તાને ઝીલવા તૈયાર નહોતી થઈ. કદાચ એણે પોતાના આદર્શ રાજ્યની અંદર પણ ગુલામોને હતા તેમ જ રાખ્યા તેની જ આ સજા હશે !

પણ પ્લેટોના શિષ્યોને જ્યારે આ ખબર પડી ત્યારે ઉઘરાણું કરીને એને છોડાવ્યો. એ એથેન્સ આવ્યો ને ફરી પોતાની તત્ત્વજ્ઞાનની પાઠશાળા શરૂ કરી. એણે ઓલીવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૃક્ષના છાયા નીચે પોતાનું ચિંતન ચાલુ રાખ્યું.

પ્લેટો એકાશીમે વર્ષે એક સવારે શાંતિથી અવસાન પામ્યો. એના મિત્રો બાજુના ઓરડામાં વાર્તાલાપ કરતા હતા. પ્લેટો 'હમણાં ઝોકું ખાઈને આવું છું.' કહીને સૂવા ગયો હતો.

વાર્તાલાપ જોરજોરથી ચાલુ રહ્યો. પણ પ્લેટો ઊઠ્યો નહિ. ૮૧ વર્ષની અવસ્થાનો ભાર ખંખેરી નાખવા એ સનાતન ઊંઘમાં પડ્યો હતો.

(Story of the human race ના એક પ્રકરણ પરથી.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫

છેલ્લો સ્પાર્ટન

હારેલા એથેન્સે હારની ખીજમાં જેમ સોક્રેટીસનો ભોગ લીધો તેમ વિજયી સ્પાર્ટાએ એના વિજયના ગુમાનમાં એક બત્રીશાનો ભોગ લીધો. વિજયમાં એક એવી જાતનું ઝેર હોય છે કે એનો ભોગ થતાં કોઈક જ બચી શકે છે. દુનિયાના બધા વિજેતાઓ કબરમાંથી બેઠા થાય તો એમ કહે 'કે વિજયે જ અમારો વિનાશ કર્યો.'

એટલે જ બુદ્ધે કહ્યું:

'મહાસંગ્રામમાં જીતે
જે જીતે દશ લાખને,
જેથી શ્રેષ્ઠ દુરાત્માનો
વિજેતા જય મેળવે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્પાર્ટાએ એથેન્સ હરાવી એના બધા દુર્ગુણો ને અપ-નાઇ લીધાં હતાં ને એકે સદ્‌ગુણને લીધો ન હતો.

એથેન્સ પરના વિજયે જે અપાર સોનું આણ્યું તેણે સાદા સ્પાર્ટનોમાં મોજશોખ-વિલાસિતા-ને અહંભાવને ફેલાવ્યાં હતાં; મોજશોખના મારણ સમા સંસ્કારિતા કે તત્ત્વચિંતન સાથે તો સ્પાર્ટાને અણબનાવ હતો. એટલે જે જગ્યાએ કડકમાં કડક શિક્ષાને સાદાઈ હતાં ત્યાં જ બેફામ લંપટપણું ને ઉદ્ધતાઈ પેઠાં. જે જે નગરોમાં સ્પાર્ટન સિપા-હીઓ થાણું નાખીને પડ્યા હતા ત્યાંના લોકોને આંખોના કણની જેમ ખૂંચવા માંડ્યા. એટલું જ નહિ પણ જે શહે-રોએ એથેન્સના વર્તનને જહાંગીરી ગણી સ્પાર્ટાને મદદ કરી હતી તે પણ દસવીસ વર્ષમાં સ્પાર્ટાથી ગળે આવી ગયાં. કારણકે સ્પાર્ટા પાસે કશું જ આપવા જેવું હતું જ નહિ. એની પાસે હતું-સંગીતનું ટાઢુંબોળ લોખંડ; ને ગરમાગરમ મિજાજ.

થોડાક સ્પાર્ટનો-સ્પાર્ટા આ ગુમાનમાં નાશ પામે તે પહેલાં વેળાસર ચેતી જાય એમ કહેતા હતા. આમ કહેના-રામાં એક હતો સ્પાર્ટાનો જુવાન રાજા એજીસ, સ્પાર્ટામાં તે રાજા રાખતા તે તમને યાદ હશે. ને તેમની સત્તા પણ મર્યાદિત હતી. સાચી સત્તા થોડા કુલવાન કુટુંબોની હતી. લાઈકરગસે આ કુટુંબો ને કુળની મોટાઈ આપી હતી-પણ ધનસંગ્રહની મનાઈ કરી એ કુલવાનોની સત્તાની દાઢમાંનું ઝેર બિન-જોખમી કરી નાખ્યું હતું. પણ હવે તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમર્યાદા રહી નહોતી—સ્પાર્ટામાં સોનાને તો રેલમછેલમ હતી. ને આ અમીરોએ સોનાની જોરે મોટા ભાગની જમીનોને લઈ લીધી હતી. પહેલાં સ્પાર્ટામાં ગુલામો ને સ્પાર્ટનો એમ ભેદ હતા. પણ માલેતુજાર સ્પાર્ટનો ને ગરીબ સ્પાર્ટનો એવા ભેદ નહોતા. હવે એ ઊભા થયા હતા. એજીસ આ ભેદને કાઢી નાખી લાઈકરગસના જમાનાની સાદાઈ ને સમાનતા પાછી લાવી સ્પાર્ટાને બચાવી લેવા માગતો હતો. ને એનો ઉપાય બધી જ જમીનો ફરી વહેંચાય, દેવાં માફ થાય ને સાદું જીવન સૌ જીવતા થાય એમ માનતો હતો. એ પોતે તો અતિશય સાદું ને કઠોર જીવન જીવતો. એનો પહેરવેશ જોઈને બહારનો કોઈ એ રાજા છે એમ કળી શકતું નહિ.

આ દિશામાં સૌથી પહેલું પગલું એણે પોતાની મા ને ઘરડીમાને સમજાવવાનું કર્યું. કારણકે એ બંને બાઈઓ પાસે પુષ્કળ જમીનો હતી. એણે કહ્યું:

"તમે બંને સૌથી શ્રીમંત છો. તમે જો દાખલો બેસાડશો તો બીજા તુરત અનુસરશે. ને સ્પાર્ટા ફરી લાઈકરગસનું સ્પાર્ટા થશે."

"અમે શું કરીએ?"

"તમારી પાસે જે મિલકત છે તેનો મોટો ભાગ તમે આપી દો, હું પણ એમ જ કરું, બીજા પણ એમ જ કરે તો આપણે એ બધી જમીનો ગરીબ સ્પાર્ટનો વચ્ચે વહેંચી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દઈએ. એના પર એ સહુ ફળઝાડો ને ધાન્ય ઉગાડશે. આ રીતે બેકારને કામ મળશે, ને જે શ્રીમંતો નવરાં બેઠાં નખોદ-વાળે છે તેય ઉદ્યમી ને કામગરા થશે.”

એજીસની મા પણ એજીસ જેવી જ હોઈને તેમણે પોતાના દીકરાના આ ભવ્ય સ્વપ્નમાં સાથ આપવાની હા ભણી, ને પછી બધી ગર્ભશ્રીમંત સ્પાર્ટન સ્ત્રીઓને બોલાવી ને કહ્યું:

“અમે અમારી ઘણીખરી સંપત્તિનું સૌના ભલા માટે બલિદાન આપવા તૈયાર છીએ. તમે પણ તમારા ધણીને સમજાવો. એ જો આમ કરે તો આપણી એ જૂની જૂની જાતિને ફરીવાર એકીસાથે શાંતિ ને ગૌરવ મળશે.”

ગરીબ સ્પાર્ટનોને જ્યારે એજીસની આ યોજનાના ખબર મળ્યા ત્યારે આનંદમાં ઘેલા થઈ ગયા, પણ શ્રીમંતોના પેટમાં તેલ રેડાયું. એમને થયું કે હવે અમારો બધો મોજશોખ, ખામોદપ્રમોદ ને નાચમુજરા જવાના.

સ્પાર્ટનોમાં બે રાજાઓ ચૂંટવાની પ્રથા હતી. એજીસ એમાં નાનો રાજા હતો. ને લિયોનીદાસ મોટો. આ મોટાએ શ્રીમંતોનો પક્ષ લીધો. ને આમ સ્પાર્ટામાં બે તડ પડ્યાં. જે બે તડને અટકાવવા સ્પાર્ટાએ મોટો આંતરવિગ્રહ વહોર્યો હતો, તેવાં જ લોકોને અમીરો, લોકશાહી કે અમીરશાહી તે પ્રશ્ન ઘરઆંગણે જ સળગ્યો.

એજીસ ને એના મિત્રોએ એક દહાડો મોટી સભા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોલાવી; વનમાં અગ્નિ સળગાવી કહ્યું. "આ અગ્નિમાં અમે અમારા દસ્તાવેજો, લેણાના ચોપડા, ગીરોગત બધું સળગાવી દઈએ છીએ. ને સ્પાર્ટન અંદર અંદર શેઠ ગુલામ હોય તે કલ્પનાને આમાં હોમી દઈએ છીએ." કહી પોતાના દસ્તાવેજોનાં કાગળિયા અગ્નિમાં નાખ્યા. લોકો આનંદના પોકારો ને તાળીઓ પાડવા લાગ્યા. એજીસે લિયોનીદાસના પક્ષકારોને પણ સ્વેચ્છાપૂર્વક ત્યાગ કરવાનું કહ્યું. પણ એમનાં મોઢાં ફિક્કા પડી ગયાં હતાં. ને મનમાં આગ સળગતી હતી. લોકો સમજી ગયા કે લિયોનીદાસને એના પક્ષના માનવા તૈયાર નથી. ત્યાંથી જ સીધા લિપોનીદાસના મહેલે જઈ એને ઉઠાડી ગામબહાર હાંકી મૂક્યો. એના પક્ષકારો ચૂપ થઈ ગયા, અલબત્ત થોડા વખત માટે જ. લોકોની સત્તા ફેલાય તે અટકાવવા તો એ બધા ર૭ વર્ષ એથેન્સ સાથે લડ્યા. અહીંયા કાંઈ ઝટ લઈને નમતું આપે ?

સાણસામાં પકડાયેલો સાપ જેમ સાણસો ઢીલો પડતાં ઉછાળો મારી ડસે તેમ એજીસના વિરોધીઓ લાગ મળે તેજ જોતા હતા. ને તે મળી ગયો.

એજીસ પોતાના સૈનિકોને લઇને એક લડાઈમાં ગયો હતો. સ્પાર્ટામાં એની ગેરહાજરીનો લાભ લઈને આ શ્રીમંતોએ બળવો કર્યો—ને લિયોનીદાસને પાછો બોલાવી લાવ્યા. એજીસ બળવાને દબાવી દેવા એકદમ આવ્યો. પણ એનું લશ્કર થોડું પાછળ રહી ગયું હતું. એટલે હારીને એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મંદિરમાં એણે આશ્રય લીધો. એના દુશ્મનોએ મંદિર ફરતી પાકી ચોકી મૂકી દીધી. અંદર તો એજીસ સલામત હતો. કારણકે મંદિરની પવિત્ર જગ્યામાં કોઈ પર હાથ ઉપાડવાની મનાઈ હતી. એજીસ મંદિરની બહાર પગ મૂકે તો જ એના પર ઘા થઈ શકે. એટલે લિયોનીદાસે એને મીઠાં વચનોથી ભોળવવા પ્રયત્ન કરવા માંડ્યો. એણે પોતે ગઈગુજરી ભૂલી ફરીથી એજીસને રાજ્ય કારભારમાં હિસ્સો આપવા તૈયાર છે એમ પણ કહેવરાવ્યું. પણ એજીસ એમાં ફસાય તેમ નહોતો. પણ દહાડા જતા ગયા ને લિયોનીદાસના વલણમાં કાંઈ ફેર પડયો નહિ. ત્યારે એને થોડોક વિશ્વાસ બેઠો. મંદિરની બહાર શેરીના ખૂણા પર એક સ્નાનઘર હતું ત્યાં નહાવા જવાની લિયોનીદાસે એને રજા આપી એટલે એણે નહાવા જવા માંડ્યું. જગ્યા બાજુ પર જ હતી. દોડીને મંદિરમાં પેસી જવાય તેટલી નજીક હતી. એક દિવસ બે દિવસ, એમ કરતાં ઘણા દહાડા થઈ ગયા. એટલે એજીસના મનમાં વિશ્વાસ બેઠો ને હળવે મને રોજ મંદિર બહાર નીકળી નહાવા જવા લાગ્યો. લિયોનીદાસ તો કાવતરું ગોઠવતો જ હતો. એણે એજીસના ત્રણ મિત્રોને ફોડ્યા. એજીસના પક્ષમાં પહેલાં બે ભળ્યા હતા—ને અત્યારે નાસતા ફરતા હતા, તેમને બોલાવી અભયદાન આપ્યું. તે સ્પાર્ટાના ઇતિહાસમાં કાળામાં કાળું કામ કરવાનું નભાવ્યું. એ ત્રણે મિત્રોએ એજીસ નહાઇને પાછો ફરતો હોય ત્યારે શેરીના વળાંક આગળ વાતોમાં રોકી પકડી લેવાનો હતો.

સોરજ ટાણું હતું. પશ્ચિમનું આકાશ લાલ વાદળાંની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘટાથી લોહીભીના રણમેદાન જેવું દેખાતું હતું. એજીસ નાહીને પોતાના મિત્રો સાથે વાતો કરતાં પાછો ફરતો હતો. ઘણા વખતે આ મિત્રો મળ્યા હતા એટલે એનો આનંદ થતો હતો. એક વળાંક આગળ એ વળતા હતા ત્યાં એકે પોતાનો ઝભ્ભો એજીસના મોઢા પર નાખી દીધો. ને બીજા બેએ એના હાથ પકડી લીધો. ત્યાં તો લિયોનીદાસના સૈનિકોએ ધસી આવી, ખેંચતા થોડે દૂરની જેલમાં ઢસડી ગયા. ગૂંગળાતો એજીસ કાંઈ બોલે તે પહેલાં તો બારણાં દેવાઈ ગયા.

વખતે રૈયત એજીસને છોડાવવા જેલ પર હુમલો કરે એમ ધારી લિયોનીદાસે જેલ ફરતું લશ્કર પણ ગોઠવી દીધું; ને એજીસનો કેસ ચલાવવા પાંચ ન્યાયાધીશોને પણ મોકલી આપ્યા.

ઝાંખા દીવાને અજવાળે આ દેવસમા યુવાન રાજવંશીનો મુકદ્દમો શરૂ થયો.

"સ્પાર્ટામાં તમે તે કર્યું તેનો પસ્તાવો નથી થતો ?"

"લેશમાત્ર નહિ; મારી નજર સામે મોતને ભાળતો હોવા છતાં, એ ઉમદા સ્વપ્ન માટે મને જરાયે પસ્તાવો થતો નથી."

ચુકાદો સંભળાવ્યો: 'મોત.'

સિપાહી એજીસને ફાંસી ખોલીમાં લઈ ગયા. એજીસને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મન પોતાનું સ્થાન રાજમહેલમાં નહિ. પણ ફાંસીનો માચડા પર હતું.

દરમ્યાનમાં લોકો તો જેલની ચારે બાજુ ટોળે વળ્યા હતા–ને પોતાના રાજાનું શું બન્યું તે જણાવવાના પોકારો કરતા હતા—કેટલીયે મશાલો એજીસને નીરખવા ત્યાં ઊંચી થતી હતી. એજીસ તો અંદર હતો–એમને જવાબ દઈ શકે તેમ ન હતું. એને ફાંસી દેવાની હતી.

દોરડું ગળામાં નખાયું ત્યારે એક સિપાહીની આંખમાં ઝળઝળિયાં જોઈ એણે કહ્યું:

"દોસ્ત, મારા માટે રડ નહિ. મેં કાંઈ બૂરું કર્યું નથી, ને મને જે મારી રહ્યા છે તેના કરતાં હું વધારે સુખી છું."

લોકોનો પોકાર તો વધારે હતો. એટલે છેવટે રાજાની મા ને ઘરડીમાને રાજાને મળવા અંદર દાખલ કર્યાં. પહેલાં એની દાદીને લઈ ગયા—પછી એની માને પણ. એની મા અંદર દાખલ થઈ ત્યારે જોયું કે એના મૃતપુત્રની પાસે જ એની સાસુ પણ છરી ખાઈને પડી હતી. નીચા નમી–પોતાના દીકરાને એક ચુંબન લઈ એજીસની જનેતાએ કહ્યું.

"બેટા, સ્પાર્ટાનો રાજા થવા માટે તું લાયક નહોતો. આટલી બધી પ્રમાણિકતા ને ઉદારતા–સ્પાર્ટાને ખપતી નથી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેલા ત્રણ દગાબાજોએ કહ્યું:

"તું તારા દીકરાના વર્તનને ટેકો આપતી હોય તો તને પણ સજા થવી જોઈએ." કહી ખંજર હુલાવી દીધું.

"આ કુરબાનીથી સ્પાર્ટા સુખી થાઓ." રાણીએ છેલ્લે કહ્યું.

પણ સ્પાર્ટા સુખી ન થયું. કારણકે ત્યાં ત્રણ મિત્રદ્રોહીઓ હતા—એણે નીચે ને નીચે ગબડયા કર્યું.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬

છેવટ

હવે ગ્રીસ વિષે ઝાઝું સાંભળવાનું રહેતું નથી. ગ્રીસના કેટલાક જાણીતા તત્ત્વચિંતકો ને વૈજ્ઞાનિકો આ પછીથી થયા—પણ આપણે અહીં વ્યક્તિઓના ચરિત્રો જેટલે અંશે પ્રજાજીવનની છબી સમાં હોય તેટલા પૂરતું જ વિચારીએ છીએ. ગ્રીસનું સામાન્યજીવન આ કાળ પછી ગબડતું જાય છે. જીવતું ઝાડ એની લીલાશ પાંદડે પાંદડે પૂરે છે તેમજ સંસ્કૃતિનાં મૂલ એ સામાન્ય જનને કેટલો આંતરિક સમૃદ્ધિવાળો કરે છે તેના પર છે. જે કાળને આપણે આગલાં પાનામાં નીરખી ગયા તે કાળે સામાન્ય ગ્રીકની સંસ્કારિતા વધતી જતી હતી. અલબત્ત એથેનીયન નાગરિકની ખાસ વિશેષે. એ પછી એમાં વધારાને બદલે ઘટાડો થતો દેખાય છે. શું છે આ સંસ્કારિતા ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોથી પહેલું તો કે પશ્ચિમમાં રાજ્યનીતિ શાસ્ત્રનો પાયો નાખનાર ગ્રીક લોકો છે. એ પહેલાં-ને એ કાળે પણ ઈરાનમાં ને બીજે રાજ્ય એ રાજાની ખાનગી જાગીર ગણાતી. વસનારા સૌની એ મઝિયારી સંપત્તિ નહોતી લેખાતી. ત્યાં લાખોનું દાન દેવું હોય કે લાખોની કતલ કરવી હોય એ શાહની આંખના ઈશારા પર અવલંબતું. પ્રજાને એમાં કાંઈ પૂછવાનું નહોતું. ઝર્કસિસે જ્યારે ગ્રીસ પર ચડાઈ કરી ત્યારે રસ્તામાં એક વેપારીએ એના અગણિત લશ્કરની એવી સુંદર મહેમાનગતિ કરેલી કે એણે ખુશ થઈને પેલા વેપારીને ખરચ્યું હતું તેના કરતાંય વધુ ધન પાછું આપ્યું ને પછી કાંઈક માગવા કહ્યું-વેપારીએ ઝૂકીઝૂકીને એક જ વાત માગી, "મારા નાના છોકરાને આ યુદ્ધમાં ન લઈ જવાની આજ્ઞા આપો.'

ઝર્કસિસે શું આપ્યું? "કંગાલ કૂતરા હું જાતે જો લડાઈમાં જાઉં છું, મારું પવિત્ર શરીર જોખમમાં મૂકું છું-ને તારા દીકરાની તું ના પાડે છે? એનું શરીર મારા કરતાંય પવિત્ર?" એણે એ દીકરાને પકડી મંગાવ્યો ને ત્યાં ને ત્યાં વધ કર્યો. આ સાથે એથેન્સ થેમીસ્ટોકલીસને હદપાર કરી શકે, ને સ્પાર્ટા એના સરસેનાપતિને દેશદ્રોહ માટે ભૂખે મારી શકે-એ સરખાવો એટલે ગ્રીસની વિશિષ્ટતા દેખાશે. લીડીયા ને સીરીયાના શાહો વિશાળ સામ્રાજ્યના અધિપતિઓ હતા. ગ્રીસ એના પ્રમાણમાં ખોબા જેવડું હતું. પણ સીરીયામાં રાજ્યનીતિશાસ્ત્રને સ્થાન નહોતું. કારણકે ત્યાં જાહેર પ્રશ્નો જ નહોતા. ગ્રીસનું એ જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાન છે કે એણે શોધી કાઢ્યું કે "જાહેર પ્રશ્નો હરેક જગ્યાએ હયાતી ધરાવે છે; પછી તમે હિંદી હો કે ચીના. તમે સમાજમાં રહો છો એ કારણે જ કેટલાક સહિયારા પ્રશ્નો ઊભા થાય છે–ને એનો ઉકેલ પણ સૌએ સાથે મળીને કરવાનો રહે છે–ને હરેક વસ્તુને સર્વાંગી બનાવવાની એમની ખાસિયત મુજબ એ શાસ્ત્રને એનાં વ્યવહારને સંપૂર્ણ કરવાં માટે મથ્યા. રાજ્યસંસ્થાને ઊંટવૈદોને વિદૂષકોના હાથમાંથી છોડાવી વૈજ્ઞાનિક વિચારકોના હાથમાં સોંપવાનો ચીલો પાડવાનો યશ ગ્રીસને જ જાય છે." રાજકારણના અભ્યાસે એમને કહેવાની ફરજ પાડી કે અહીં રાજકારણમાં ભાગ ન લેનાર માણસ નિરુપદ્રવી ને શાંત નથી ગણાતો પણ નકામો બોજારૂપ લેખાય છે–રાજ્યનીતિશાસ્ત્ર એ ગોબરી રમત નથી પણ શ્રેષ્ઠ પુરુષોને પણ શોભાવે તેવી પ્રવૃત્તિ છે. ને પ્લેટોને તો ત્યાંસુધી કહેવા પ્રેર્યો કે જ્યાં સુધી તત્ત્વજ્ઞાનીઓ રાજ્યનીતિ વિદ્યામાં ભાગ નહિ લે અથવા રાજાઓ તત્ત્વજ્ઞાનીઓ નહિ થાય ત્યાંસુધી જગતના દુઃખનો કોઈ ઉકેલ આવવાનો નથી.

અહીં ગ્રીસની બીજી ભેટ આવે છે. ને તે તત્ત્વજ્ઞાનની. ગ્રીસના શ્રેષ્ઠ પુરુષોને જાણે આ બે વાતનું વ્યસન હતું. તત્ત્વજ્ઞાન ને રાજ્યનીતિશાસ્ત્ર એમના જીવનસારના જાણે બે પાયા હતા. સોક્રેટીસ તત્ત્વજ્ઞાનનો પિતા ગણાય છે; ને તત્ત્વજ્ઞાનની હરેક શાખાનો એકાદ પ્રતિનિધિ એ જમાતાના ગ્રીકોમાં મળી આવે. પ્લેટો આજે પણ તત્ત્વજ્ઞાનીઓને પ્રેરણા આપે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રીજી ને વિશેષણ જાણીતી ભેટ છે કલાની. ગ્રીકકલાકૃતિને જોનારના મોંમાંથી જોઈ ને એક જ શબ્દ સરી પડે—સર્વાંગસંપૂર્ણ.

ગ્રીકો એક રીતે રૂપઘેલી પ્રજા હતા. પ્રકૃતિ કે મનુષ્યમાં જ્યાં જ્યાં એ લોકો રૂપ ભાળતા ત્યાં નાચી ઊઠતા. સેનાપતિ નીસીયસે એક નાટકમાં દેવના પાઠમાં પોતાના એક સુંદર ગુલામને ઉતારેલો. લોકો એનું રૂપ જોઈ ને તાળીઓ પાડી ઊઠેલા.

"આવા સર્વાંગસુંદર રૂપને બંદી કરવું ઘટે નહિ." કહી નીસીયસે એને મુક્ત કરેલો, કોઈ માનવીની મૂર્તિ કોરાય તે સામે ગ્રીકોને અત્યંત વિરોધ હતો; પણ એક ગ્રીક શ્રેષ્ઠ રૂપવતી એક ગણિકાની મૂર્તિ લોકોએ એપોલોના મંદિરમાં મૂકેલી.

રૂપની આ ઝંખના એમણે પોતાના શિલ્પકાવ્ય ને નાટકોમાં ભારોભાર મૂકી છે. એવી અદ્ભુત રીતે મૂકી છે કે જોનારા દિગ્મૂઢ બની જાય છે. ને જેમ બાલપણનું સૌંદર્ય–ને સરલતા આવે જ નહિ તેમ ગ્રીક કાળની કલા ફરી કોઈ નહિ અવતારી શકે તેમ પણ કેટલાક માને છે.

ગ્રીકો આપણા કરતાં ઓછાં લૂગડાં પહેરતાં હશે, બે આની ઓછી પણ ખાતા હશે—કદાચ આજના કરતાં પૃથ્વીના કદ ને વિસ્તાર વિષેનું જ્ઞાન પણ ઓછું હશે, પણ સાદામાં સાદો ગ્રીક પણ સોફોકલીસ કે યુરીપીડીસનાં નાટકોનો રસ લૂંટી શકતો એ વાત નાનીસૂની નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાલિદાસનાં કાવ્યો ને નાટકો આજે પ્રેમલાપ્રેમલીના ચેન-ચટક જોનારો આપણો લોકસમુદાય જો માણી શકે તો તો એ જેવીતેવી વાત નહિ ગણાય.

સદ્ભાગ્યે ગ્રીકલોકો સાચા અંતરથી એ રસ માણી શકતા હતા તેનો ઐતિહાસિક પુરાવો છે.

પેલો પોતેશીત આંતરવિગ્રહ વખતે કેટલાક એથેનીયનો સીસીલીમાં કેદ પકડાયેલા, ને એ બધાને એક મોટી પથ્થરની ખાણુમાં પૂરી દીધેલા. ખાણુ પર પહેરેગીરો પહેરો ભરતા કે કોઇ નાસવાનો પ્રયત્ન ન કરે. આ બધા કેદીઓને એકવાર દોરડા વતી ખાવાનું ને પાણી અંદર આપતા—જીવવાની આશા સૌએ છોડી હતી. એમાં એકવાર એક જણ યુરીપીડીસના કરુણાંત નાટકોમાંનું એક ગીત ગાતો હતો એ જોઇ ભેખડ પર ઊભેલા પહેરેગીરોએ કહ્યું.

"યુરીમડીસનું ગીત છે?"

"હા" કેદીએ કહ્યું.

"ફરી વાર ગાઈશ."

કેદીએ ફરી વાર ગાયું.

બીજાં ગીતો આવડે છે? એથેનીયને ફરી વાર જે ગીતો પર એથેનીયન પ્રજા ગાંડી હતી તે એક પછી એક ગવાવાં લાગ્યાં—રક્ષકો ડોલવા લાગ્યા.

છેવટે રક્ષકોના વડાએ કહ્યું.

"જે એક નવું ગીત ગાશે તેને છુટો કરવામાં આવશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મને આવડે છે—મને આવડે છે."

૮૦ એથેનીયનો તૈયાર થયાં.

રાજેશ્વરીએ એમને કેદમાં નંખાવ્યા હતા. વાગીશ્વરીની વીણાએ એમની બેડીઓ તોડી નાખી.

૮૦એ જણા સીધા યુરીપીડીસને પગે લાગવા ચાલી નીકળ્યા ને પગે લાગી કહ્યું.

"તમે અમને છોડાવ્યા."

યુરીપીડીસ આશ્ચર્યચકિત થઈને સાંભળી રહ્યો. કાવ્યોનું આ જાદુ એની પણ ધારણા બહાર હતું.

ચોથી એવી જ ભેટ છે, વિજ્ઞાનની.

જગતને કાર્યકારણ ભાવે જોવાની શક્તિ એ પશુથી માણસને જુદો પાડનાર લીટી છે. ને આજની દુનિયાની પારવગરની સમૃદ્ધિનો મુખ્ય યશ આ શક્તિને જાય. ગ્રીકો જેમ કલા, તત્ત્વજ્ઞાન ને રાજ્યનીતિશાસ્ત્રમાં પશ્ચિમની સંસ્કૃતિમાં પહેલું મંડાણ કરનારા ગણાય છે, તેમ જ વિજ્ઞાનમાં પણ.

તત્ત્વજ્ઞાનમાં જેમ એમણે સોક્રેટીસ ને પ્લેટો આપ્યા તેમ જ વિજ્ઞાનમાં તેમણે બધા વિજ્ઞાનોને ઘોળીને પી જનાર વિદ્યાવારિધિ એરીસ્ટોટલ ને અણુવાદનો શોધક એઈલ્સ આપ્યા. તર્કશાસ્ત્રમાં ઝેનો વૈદવિદ્યામાં હીપ્પોક્રીટ્સ ને ભૂમિતિમાં આર્કીમિડીઝ ને બીજા ગણિતીઓ આપ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હીપોક્રીટસે મંત્રતંત્રનો સામનો કરી વૈદવિદ્યાનો પાયો નાખેલો-એણે વૈદો માટે જે પ્રતિજ્ઞાપત્ર તૈયાર કરેલું તે આજે પણ યુરોપીય વૈદોએ પસાર થતાં પહેલાં લેવું પડે છે એ વાંચવા જેવું છે.

"પવિત્રતાને ત્યજ્યા વિના હું મારો ધંધો કરીશ, મારા વ્યવસાયમાં માણસોનું જે કાંઈ ગુપ્ત રાખવાનું જોઈશ, જાણીશ કે સાંભળીશ તે હું કદી બહાર નહિ પાડું, હું કદી લાલચું નહિ બનું."

આ કાર્યકારણ ભાવેજ આજુબાજુની સૃષ્ટિ જોવાની ટેવનું એક ઉદાહરણ પેરીકલીસના જીવનમાંથી જડે છે—પેરીકલીસ એકવાર નૌકાસૈન્ય લઈને બહાર ગયો હતો. રસ્તામાં એક રાત્રે ગ્રહણ થયું. ખલાસીઓ એ જોઈને ગભરાઈ ગયા. એમને લાગ્યું કે ચંદ્રને ગળી ગયા પછી પૃથ્વીને એ ગળી જશે. પેરીકલીસે એકદમ પોતાનો લાંબો કોટ એક ખલાસીના મોં પર ઓઢાડી દીધો ને કહ્યું-" હવે તને ચંદ્ર દેખાય છે ?

'ના.'

'તો પછી કોટ કરતાં કાંઈક મોટું ચંદ્ર આડે આવ્યું છે તેમાં ગભરાઈ શું જાવ છો ?'

આવી અસાધારણ પ્રજા શા કારણે નાશ પામી ? આંતરવિગ્રહને પાપે.

જરમીયા શબ્દોમાં કહીએ તો યુદ્ધ એ છોકરાને બાપે દફનાવવાની ફરજ પાડતું હોવાથી અકુદરતી છે. ને તેથીજ માણસને પશુ બનાવવાનું તે ઉત્તમસાધન છે-પણ આંતરવિગ્રહ તો એને પશુ જ નહિ પિશાચ બનાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણે માણસને પોતાના જ પરિચિતભાઈનું લોહી કંઈક વધુ મીઠું લાગતું હોય ને!

ગ્રીકો કાંઈ બહુ ધનિક ન હતા એટલે વિગ્રહમાં આર્થિક રીતે પાયમાલ થઈ ગયા; પણ આંતરિક સમૃદ્ધિમાં પણ દેવાળું કાઢયું. જેમ જેમ વિગ્રહ લંબાતો ગયો તેમ માણસોના મન વધુ ને વધુ કઠોર બનતાં ગયાં–સ્પાર્ટા જ્યારે હરકોઈ શહેર હાથ કરતું ત્યારે પ્રજાશાસનમાં માનનારા નાગરિક આગેવાનોને કતલ કરતું, ને દેશનિકાલ કરતું તે જુદા ને ઉમરાવોને બધો વહીવટ સોંપી દેતું–દરેક ઉમરાવ પ્રતિજ્ઞા લેતો "હું પ્રજાતંત્રવાદી સાથે કદી સમાધાન નહિ કરું. એનો સંપૂર્ણ નાશ તે જ મારો સંકલ્પ રહેશે." ને જ્યારે એ જ શહેર પાછું એથેન્સના હાથમાં પડતું ત્યારે એ ઉમરાવોના માથાં ઉડાડી દેતું કે સેંકડોની સંખ્યામાં દેશનિકાલ કરતું. આમ એક વખતે ઉમરાવો પ્રજાતંત્રવાદીઓનો નાશ કરતા ને બીજીવાર એમનો નાશ થતો–આમ બંને પક્ષો નાશ પામતાં શહેરના ખંડિયેરો માત્ર રહેતાં–માલમિલકત ચોર લૂંટારા ઉપાડી જતાં. લોકોનાં મન પણ આ બધું જોઈજોઈને કઠોર બની ગયાં હતાં. વિગ્રહે વિવેકનો નાશ કર્યો હતો. મેલોસ શહેરના નાગરિકો સાથે એથેનીયન પ્રતિનિધિમંડળે કરેલ વાત એના સચોટ દાખલા છે. પ્રજાતંત્રવાદી એથેનીયન આગેવાન કહે છે–"આપણે આપણા મનમાં જે હોય તે જ કહી નાખવું જોઈએ–ને જે બને તેવું ન હોય તેની આશા જ નહિ રાખવી. અમે ને તમે સહુ જાણીએ છીએ કે માણસ માણસ વચ્ચે ન્યાયનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રશ્ન ત્યારે જ ઊભો થાય છે કે જ્યારે બંને પક્ષો સરખી જ ભીંસમાં હોય; નહિતર તો બળવાન જેટલું બને તેટલું વસૂલ કરે છે—ને નિર્બલો જે આપવું પડે તે આપે છે. ”

પેરીકલીસ, સોક્રેટીસ ને ન્યાયમૂર્તિ એરીસ્ટેડીસનું એથેન્સ આ બોલતું હતું. એથેન્સને એના આદર્શો ગમતા ન હતા એમ નહિ; સ્પાર્ટાની જેમ એના અવગુણો એના હાડમાં ન હતા—પણ વિગ્રહે એનાં બૂરાં તત્ત્વોને આગળ આવવાની તક આપી હતી સંસ્કારી, સમાધાનશીલ ને હિત પ્રિય માણસો દૂર નંખાઇ ગયા હતા; છતાં આખરે તો એથેન્સને જીત મળી જ નહિ-કારણ કે એથેન્સે જે ગુણોનો વિકાસ કર્યો હતો તે શાંતિકાળમાં શોભાસ્પદ હતા—જ્યારે સ્પાર્ટાએ જે ગુણો (અવગુણો ?) મીલવ્યા હતા તેનો યુદ્ધમાં જ ખપ હતો—યુદ્ધ પછી શું એની એને ખબર જ ન હતી. એ રીતે સ્પાર્ટાની એથેન્સ પરની જીત એ વામને વિરાટ પર મેળવેલ વિજય હતો. ખરેખર તો એ બંને વચ્ચે કરડી સરખામણીને અજ્ઞાન કલામંડપો ને લશ્કરી બરાક સાથે સરખાવવા સમું છે. અમુક રીતે જે એકબીજાનાં પૂરક હતા તે જ આથડ્યાં ને પરિણામે બંને પાયમાલ થયાં, ને આખું ગ્રીસ ડૂબ્યું. સ્પાર્ટામાં લડાઈને અંતે માત્ર સો સ્પાર્ટન કુટુંબો જ રહ્યા—ને એથેન્સ પણ ધૂળમાં મળ્યું. ગ્રીસની આંખો જેવા આ બે શહેરોને ઝઘડતા આખું ગ્રીસ કેમ જોઇ રહ્યું ? શા માટે કોઇએ વચ્ચે પડીને સમાધાન ન કરાવ્યું ? સાચેસાચ તો એ કાળના ગ્રીકોમાં રાષ્ટ્રીયતાનો આપણે જે અર્થ કરીએ છીએ તેનો જન્મ થયો ન હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંસ્કારિક એકતા હતી-પણ એ સાંસ્કારિક એકતાએ રાજકીય એકતામાં પરિણમવું જોઈએ તેવી કલ્પના નહોતી ઊલટું દરેક નાગરિકને મન પોતાનું શહેર એ જ મુખ્ય વસ્તુ હતી. શહેરની દીવાલ બહારના જે હતા તેની સાથે રાજકીય સંબંધ વિરોધીનો જ હતો. આને લીધે જ આંતર-વિગ્રહને અંતે સ્પાર્ટા ને એથેન્સ બંને એકબીજાની સામે ઈરાની શહેનશાહના ધનનો ઉપયોગ કરતાંય અચકાયા નહોતા. સમાજમાં નીતિનું ધોરણ કેટલું નીચે ઊતરી ગયું હશે તે થ્યુસીડીડીસના નીચેના રોમાંચક વર્ણનપરથી દેખાશે

" દરેકે દરેક શહેરમાં સ્પાર્ટા અને એથેન્સની વારાફરતી દરમ્યાનગીરી માગતા વર્ગો ને આગેવાનો વચ્ચે ઝઘડા હતા. અને વર્ગવિગ્રહ દરેક શહેરને છિન્નભિન્ન કરી નાખતો. જાણે કાવતરાંને અત્યાચારોની કલાને સૂક્ષ્માતી સૂક્ષ્મ હદે વિકસાવવાની હરીફાઈ શરૂ થઈ હતી આને લીધે ગ્રીક સમાજ એકેએક જાતના નૈતિક દૂષણોમાં ડૂબી ગયો. વિગ્રહ ને શંકાથી ભરેલા વાતાવરણમાં આદર્શવાદના પાયા સમી પ્રામાણિકતાની તો ઠેકડી જ ઉઠાવાતી. કોઈપણ દલીલ, કોઈપણ દસ્તાવેજ કે વચનો આ બે પક્ષોને નિકટ આણે તેવું રહ્યું ન હતું. જે પક્ષ સત્તા પર હોય તેને એક જ દલીલ અસર કરતી ને તે એ કે પોતે ઝાઝો વખત સત્તા પર રહેશે નહિ-ને એથી જ દરેક પક્ષને પોતાના દુશ્મનો વિષે જરાયે જોખમ લેવામાં ડહાપણ ન દેખાતું-આમાં તો જે પક્ષ ધારે મૂર્ખ લાગણીજડ તે જ વધારે ટકે તેવો સંભવ રહેતો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારણ કે તેમની મૂર્ખતા ને બીજી ખામીઓને પ્રતાપે પોતે લાંબે ગાળે હારી જાય તે ખ્યાલ હોવાથી તેઓ આંધળા બનીને પોતાના વિરોધીઓને નિર્મૂળ કરવા માંડતા ને પેલા બુદ્ધિશાળી પ્રતિપક્ષીઓ પોતાના બુદ્ધિ પરના વિશ્વાસમાં રહી વ્યવહારું ન બનતા, એટલે મોટે ભાગે અણચિંતવ્યા જ ઝપટાઇ જઈ નાશ પામતા.

જેમ જેમ વિગ્રહ લંબાતો ગયો તેમ તેમ સામાજિક સ્થિતિ બગડતી ચાલી. માણસો પોતાના દુશ્મનોને ઉથલાવી પાડવા ને વૈર વાળવા નવી નવી તરકીબો ગોતવા લાગ્યા. અરે શબ્દોના સર્વસાધારણ રીતે સ્વીકારાયલા અર્થો પણ જાણે બદલાઈ ગયા. આંધળાં સાહસો વફાદાર મૈત્રીમાં ખપતાં. સાવચેતીની ડહાપણભરી સલાહ નામર્દાઈ ગણાતી. પોતાના પક્ષને માટે ન કરે તેવું એકે કામ ન હતું, ને કોઈ એવા કામો કરતા અચકાતા તો એમને પક્ષદ્રોહી ને નકામાગણી બાજુ પર ફગાવી દેવાતા. પોતાના રાજકીય પક્ષ પ્રત્યેની વફાદારી તે જ એક અતૂટ સગપણ રહ્યું. પ્રતિજ્ઞાઓ ને વચનોની બંને પક્ષ આપલે કરતા. સ્વાર્થ જતાં એની કિમ્મત તણખલા જેટલી પણ ન રહેતી—જે એક સ્વાર્થે બાકીની બધી લાગણીઓને ડુબાડી દીધી હતી તે હતી સત્તા ભૂખ, પ્રજાતંત્રમાં માનનાર કે ઉમરાવતંત્રમાં માનનાર આના સરખા જ ભોગ બન્યા હતા."

આ કોટીએ પહોંચેલો સમાજ ટકે ખરો ? ગ્રીસ પડયું. શહેરો રહ્યાં—પણ સંસ્કૃતિ તણાઇ ગઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આધાર ગ્રંથો

1 Historian's History of the world Volume II, III

2 Legacy of Greece

3 Plutarch's lives

4 Stories from Thysidideas

5 Life of greece

6 Biography of greek people

7 Story of the human race

8 Children's plutarch

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રામદક્ષિણામૂર્તિનાં પ્રકાશનો

૧ કેળવણીની પગદંડી	નાનાભાઈ ભટ્ટ	૩-૮-૦
૨ દીપનિર્વાણ	દર્શક	૩-૪-૦
૩ બે વિચારધારા	,,	૨-૧૨-૦
૪ ઇતિહાસ-કથાઓ : રોમ	,,	૧-૮-૦
૫ નાનસેન	મૂળશંકર ભટ્ટ	૧-૪-૦
૬ અંધારના સીમાડા	,,	૧-૮-૦
૭ ગગનરાજ	,,	(છપાય છે)
૮ દૃષ્ટાંત-કથાઓ	નાનાભાઈ ભટ્ટ	૧-૦-૦

ગામડાંના અને રાષ્ટ્રના પુનરુત્થાનના પ્રશ્નોની
કેળવણીની દૃષ્ટિએ ચર્ચા કરતું માસિક

કોડિયું

તંત્રી : નાનાભાઈ ભટ્ટ

વાર્ષિક લવાજમ : દેશમાં રૂા. ચાર : પરદેશમાં રૂા. પાંચ

મુખ્ય વિક્રેતા

ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ

સોમરાજ બિલ્ડિંગ · ૪૦૫ કાલબાદેવી · મુંબઈ-૨

ફરનાન્ડિઝ પુલ નીચે · ગાંધી રસ્તો · અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar